# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૯ તા.૬-૬-૧૬**

**ફકત મ્યુનિ. શાળાઓ માટે :-**

**વિષયઃ-** **વર્ષ : ૨૦૧૬માં ધો.૧માં પ્રવેશ મેળવેલ બી.પી.એલ. કાર્ડધારક વાલીની કન્યાઓને વિદ્યાલક્ષ્મીબોન્ડ આપવા બાબત.**

**સંદર્ભ :- પ્રા. શિ.નિયામકશ્રીની કચેરીનાં પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ/ચ-૧/વિદ્યાલક્ષ્મી/૧૬-૧૭/૩૩૫૬-૩૪૧૨ તા.૩૧-૫-૧૬**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે ઉપરોકત વિષયના અનુસંધાને તમારી શાળામાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધો.૧માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીની કે જે બી.પી.એલ. કાર્ડ ધારક વાલીની કન્યા હોય તે જ કન્યાઓ રૂા.૨,૦૦૦/- ના વિદ્યાલક્ષ્મી બોન્ડ મેળવવાને પાત્ર થાય છે. તે મુજબ તમારી શાળાઓની વિદ્યાલક્ષ્મી બોન્ડ મેળવવા પાત્ર કન્યાઓના વાલી પાસેથી કન્યાનો અભ્યાસક્રમ પુરો કરશે તેવું બાંહેધરી પત્ર લેવાનો રહેશે અને જો અભ્યાસક્રમ અધવચ્ચેથી છોડી જશે તો કન્યાના નામે લેવાયેલ બોન્ડ રદ ગણાશે તથા તેની જે તે સમયે મળવાપાત્ર રકમ સરકારી તિજોરીમાં જમા થશે. આ બોન્ડની વ્યાજ સહિતની ચુકવણી જે તે કન્યાઓને ધો.૮ પાસ કર્યા બાદ મળવા પાત્ર થશે.આ અંગેની જાણ કન્યાઓને તથા તેમના વાલીને કરવાની રહેશે. નીચે જણાવ્યા મુજબના પત્રકમાં માહિતી તૈયાર કરી સુપરવાઈઝરશ્રી પાસે ખરાઈ કરી તાત્કાલિક દિન-૨માં રૂબરૂ મોકલી આપશો. જેથી કન્યા કેળવણી પ્રવેશોત્સવ-૨૦૧૬ દરમ્યાન વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજનાનો લાભ આપી શકાય, તેમજ સદરહુ કન્યા કઈ કેટેગરીની છે તે પણ દર્શાવવાની રહેશે.

પત્રક

શાળાનું નામઃ- ઝોન :- વોર્ડ :-

| ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | વાલીનું નામ | સરનામું | બી.પી.એલ. કાર્ડ નંબર | કેટેગરી એસ.સી/એસ.ટી./ઓ.બી.સી./લઘુમતિ/અન્ય |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |

મુખ્ય શિક્ષક સુપરવાઈઝર

તા.૬-૬-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૨૦ તા.૬-૬-૧૬**

**ફકત મ્યુનિ. શાળાઓ માટે :-**

**વિષયઃ- ઈન્ટરનેશનલ ડે ઓફ યોગાની ઉજવણી કરવા બાબત. (૨૧ જૂન-૨૦૧૬)**

**સંદર્ભ :-શિક્ષણ વિભાગ પરિપત્ર ક્રમાંકઃ પરચ-૨૭૧૨-૧૨૫૨૦૧૫-ખ/તા.૪-૬-૧૬**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે યુનાઈટેડ નેશન્સ(યુ.એન.) દ્વારા ૨૧ મી જૂનને **'ઈન્ટરનેશનલ ડે ઓફ યોગા'** તરીકે જાહેર કરવામાં આવેલ છે. દેશના નાગરિકોમાં યોગ વિશેની જાગૃતિ વધે તે હેતુથી સમગ્ર દેશમાં ભારત સરકાર દ્વારા ગત વર્ષથી આ દિવસે મોટા પાયે ઉજવણી કરવાનું નક્કી કરેલ છે. આ કાર્યક્રમમાં રાજ્ય સરકારે પણ રાજયની શાળાઓ,મહાશાળાઓ, કોલેજો, વિશ્વવિદ્યાલયને પણ સાંકળેલ છે. જે મુજબ મ્યુનિ. સ્કૂલ બોર્ડ સંચાલિત શાળાઓમાં પણ આ દિવસે ઉજવણી કરવાની થાય છે.

મ્યુનિ. સ્કૂલ બોર્ડની ધો.૬ થી ૮ સુધીની તમામ શાળાઓમાં આ કાર્યક્રમ કરવાનો છે. દરેક શાળાના મુખ્ય શિક્ષક તથા શિક્ષકે યોગની તાલીમ લેવાની રહેશે. શાળાના મુખ્ય શિક્ષક તથા શિક્ષકોને અત્રેથી મ્યુનિ. કોર્પોરેશનના પ્લોટ, ગાર્ડન કે અન્ય જાહેર સ્થળો પર પરિપત્ર દ્વારા વિદ્યાર્થીઓને ક્યાં યોગ માટે લઈ જવાના તે તા.૧૬-૬-૧૬ પહેલાં જણાવવામાં આવશે. બાકીની તમામ ઉચ્ચ પ્રાથમિક શાળાઓએ પોતાની શાળાના મેદાનમાં કાર્યક્રમ કરવાનો રહેશે. આ કાર્યક્રમમાં જે-તે વોર્ડના મ્યુનિ. કોર્પોરેટર, શાળા વ્યવસ્થાપન સમિતિ તથા યુવાનોને પણ આ કાર્યક્રમમાં જોડવાના રહેશે.આ માટે યુ.આર.સી. તથા સી.આર.સી. કો.ઓર્ડિનેટરે જે-તે શાળામાં વ્યવસ્થામાં સહકાર આપવાનો રહેશે.

ધો.૫ કે તેથી નીચેના ધોરણમાં બાળકોને યોગનું શિક્ષણ આપવાનું નથી કે તેઓને ૨૧ મી જૂનના રોજ ઉજવણીમાં સામેલ કરવાના નથી. તેનું ચૂસ્તપણે પાલન કરવું અન્યથા મુખ્ય શિક્ષકની સીધી જવાબદારી બનશે.

આ દિવસે શાળા કક્ષાએ પૌષ્ટિક નાસ્તો, લિંબુપાણી, પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા કરવી. આ માટે મધ્યાહન ભોજન યોજનાના વ્યવસ્થાપકોનો સહકાર લેવો.

૧. આ કાર્યક્રમને સફળતાપૂર્વક ઉજવણી થાય તે હેતુથી જે-તે શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ શિક્ષકો અને વિદ્યાર્થીઓ ફરજિયાત હાજર રહે તે માટે આયોજન કરવાનું રહેશે.

૨. તા.૭-૬-૧૬ થી તા.૨૧-૬-૧૬ સુધી સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન મળી રહે તે માટે બાયસેગ દ્વારા યોગ સબંધિત કાર્યક્રમનું વંદેમાતરમ ચેનલ દ્વારા દરરોજ સવારે ૭.૦૦ કલાકે પ્રસારણ કરવામાં આવશે. જેનું માર્ગદર્શન આયુષ પ્રોટોકોલ દ્વારા આપવામાં આવનાર છે. તમામ શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ દરરોજ તાલીમ લેવાની રહેશે.

૩. આ અંગેની સૂચનાઓની સીડી અને પુસ્તક ગુજરાત સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટીની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલ છે, તેનો ઉપયોગ કરી શકાશે.

૪. ૨૧ મી જૂનના દિવસે સવારે ૭.૦૦ કલાકથી સદરહુ ઉજવણીનું આયોજન કરવાનું રહેશે. સદરહુ કાર્યક્રમ ૪૫ મીનીટનો રહેશે. જે તા.૭/૬ થી તાલીમ લીધેલ છે તે મુજબ જ કાર્યક્રમ કરવો.

૫. ૨૧ મી જૂનના રોજ શાળામાં કરવામાં આવેલ કાર્યક્રમનો અહેવાલ ફોટોગ્રાફી સાથેનો આસિ.એ.ઓ.ને તે જ દિવસે આપવાનો રહેશે. આસિ.એ.ઓ. એકીકૃત કરેલ માહિતી તે જ દિવસે અત્રેથી મોકલવામાં આવનાર ફોર્મેટ મુજબ ભરીને મુખ્ય ઓફિસે ૨.૦૦ વાગ્યા સુધી સુધીમાં આપવાનો રહેશે.

૬. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓએ વિદ્યાર્થીઓ યોગને જીવનમાં અપનાવે તે માટેની સમજૂતી આપવાની રહેશે.

૭. સમગ્ર કાર્યક્રમ ઉજવણી માટેનું જરૂરી માર્ગદર્શન www.indianmedicine.inc.in તથા www.sgsu.edu.in પર ઉપલબ્ધ છે. ત્યાંથી પણ માર્ગદર્શન મેળવવાનું રહેશે.

આ ઉપરાંત આ સાથે સામેલ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક અને પ્રવૃત્તિઓનો વિભાગ, ગુજરાત સરકારનો તા.૨૪-૫-૧૬ નો પરિપત્ર સામેલ છે. તેનો પણ માર્ગદર્શન માટે ઉપયોગમાં લેવો.

તા.૬-૬-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ઈન્ટરનેશનલ ડે ઓફ યોગાની
ઉજવણી કરવા બાબત.
૨૧ જુન, ૨૦૧૬

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ-પરચ-૨૭૧૨-૧૨૫૨૦૧૫-ખ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૪.૬.૨૦૧૬

**વંચાણે લીધાઃ-**

૧. વિભાગનો તા. ૧૨.૫.૨૦૧૫ નો સમાનાંકી પરિપત્ર.
૨. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો તા. ૨૪.૫.૨૦૧૬ નો ઠરાવ ક્રઃ એસએજી-૧૦૨૦૧૬-૭૨૫-બ.

**આમુખઃ-**

યુનાઈટેડ નેશન્સ (યુ.એન.) દ્વારા ૨૧ મી જુનને " ઈન્ટરનેશનલ ડે ઓફ યોગા " તરીકે જાહેર કરવામાં આવેલ છે. દેશના નાગરિકોમાં યોગ વિશેની જાગૃત્તિ વધે તે હેતુથી સમગ્ર દેશમાં ભારત સરકાર દ્વારા ગત વર્ષથી આ દિવસે મોટા પાયે ઉજવણી કરવાનું નકકી કરેલ હોવાથી ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ ૧ ના પરિપત્રથી ગયા વર્ષ માટેની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ હતી. ચાલુ વર્ષે પણ ૨૧ મી જુનને " ઈન્ટરનેશનલ ડે ઓફ યોગા " તરીકે સમગ્ર દેશમાં ઉજવવામાં આવનાર છે જેના ભાગરુપે રાજય સરકારે પણ આ દિવસે રાજયભરમાં મોટાપાયે ઉજવણી કરવા ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ ૨ ના ઠરાવથી નકકી કરેલ છે. આ કાર્યક્રમમાં રાજયની શાળાઓ, મહાશાળાઓ, કોલેજો, વિશ્વવિધાલયોને પણ સાંકળવા નકકી થયેલ હતું અને તે માટેની સૂચાનાઓ પરિપત્રિત કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

**પરિપત્રઃ-**

૨૧ મી જુન,૨૦૧૬ ના રોજ " ઈન્ટરનેશનલ ડે ઓફ યોગા " તરીકે રાજય કક્ષાએ અને જિલ્લા કક્ષાએ થનાર કાર્યક્રમોની રુપરેખા અને તે સબબની આનુષાંગિક સૂચનાઓ યુવક સેવા સાંસ્કૃતિક અને પ્રવૃત્તિઓના વિભાગ ધ્વારા અલગથી પ્રસિધ્ધ થયેલ છે. વિધાર્થીઓ – યુવાનો આવતીકાલના નાગરિક છે તેઓ યોગની તાલીમ મેળવી સ્વસ્થ ભારતનો હિસ્સો બને તે માટે શિક્ષણ વિભાગ હેઠળ આવેલ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજો, ટેકનિકલ સંસ્થાઓ તથા યુનિવર્સિટીઓ આ દિવસની ઉજવણીમાં મહત્તમ યોગદાન આપી " ઈન્ટરનેશનલ ડે ઓફ યોગા " ને સફળ બનાવે તે માટે આગોતરું આયોજન કરવા તા.

૧૮.૫.૨૦૧૬ ના રોજ માન. મંત્રીશ્રી, શિક્ષણના અધ્યક્ષપણા હેઠળની સમિતિની બેઠક મળેલ હતી. ઉપરાંત, માન. મંત્રીશ્રી, શિક્ષણ ધ્વારા તા. ૩.૬.૨૦૧૬ ના રોજ દરેક જિલ્લા કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા અન્ય અધિકારીઓ સાથે વિડિયોકોન્ફરન્સ કરી કરેલ આયોજનની અને કરવામાં આવનાર કાર્યક્રમની સમીક્ષા કરી હતી. રાજ્યમાં આવેલ તમામ સરકારી, ગ્રાન્ટેડ અને સ્વાયત / ખાનગી શાળાઓ, કોલેજો, ઉચ્ચ અને ટેકનિકલ સંસ્થાઓમાં આ કાર્યક્રમનું સુચારુપણે આયોજન થાય તે હેતુથી નીચે પ્રમાણે સુચનાઓ આથી પરિપત્રિત કરવામાં આવે છે.

(અ) **પ્રાથમિક શાળાઓઃ-**

રાજયમાં આવેલ ધોરણ- ૬ થી ૮ સુધીનું શિક્ષણ આપતી તમામ પ્રાથમિક શાળાઓમાં આ કાર્યક્રમની ઉજવણી અચૂક થાય તે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ જોવાનું રહેશે. આ માટે સંબંધિત જિલ્લા કલેકટરશ્રી તરફથી મળેલ સૂચના સાથે નિયત થયેલ સ્થળો ઉપરાંત તેઓના તાબા હેઠળની દરેક શાળામાં આ માટે આયોજન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. દરેક શાળાના આચાર્ય તથા શિક્ષકએ યોગની તાલીમ લેવાની રહેશે. શાળાના આચાર્ય તથા શિક્ષકોએ જીલ્લા કક્ષાના કાર્યક્રમમાં ભાગ લીધો ન હોય તેવા કેસમાં પોતાની શાળાના મેદાનમાં કે ગામના વિશાળ મેદાનમાં કાર્યક્રમ કરવાનો રહેશે. ગામના સરપંચ, સ્કુલ મેનેજમેન્ટ કમિટિ તથા યુવાનોને આ કાર્યક્રમમાં સંમલિત કરવાના રહેશે જે માટે બી.આર.સી. તથા સી.આર.સી.ની મદદ પણ લઇ શકાશે. તમામ શાળાઓને સૂચના આપવાની જવાબદારી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની રહેશે.

**ધોરણ – ૫ કે તેથી નીચેના ધોરણના બાળકોને યોગનું શિક્ષણ આપવાનું નથી કે તેઓને ઇન્ટરનેશનલ યોગ ડે ની ઉજવણીમાં સામેલ કરવાના નથી તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.**

આ દિવસે બાળકોને પૌષ્ટિક નાસ્તો, લિંબુ પાણી તથા પીવાનું પાણી સુલભ બને તે માટે દરેક શાળામાં મધ્યાહ્ન ભોજન યોજના નીચે ચાલતા સેન્ટરે આયોજન કરવાનું રહેશે.

(બ) **માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓઃ-**

રાજયમાં આવેલ ધોરણ- ૯ થી ૧૨ સુધીનું શિક્ષણ આપતી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આ કાર્યક્રમની ઉજવણી અચૂક થાય તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ જોવાનું

રહેશે. આ માટે જિલ્લા કલેકટરશ્રીના પરામર્શમાં કાર્યક્રમને આખરી ઓપ આપવાનો રહેશે. દરેક શાળાના આચાર્ય તથા શિક્ષકએ યોગની તાલીમ લેવાની રહેશે. તમામ શાળાઓને સૂચના આપવાની જવાબદારી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની રહેશે.

**(ક) કોલેજો તથા યુનિવર્સિટીઃ-**

કોલેજો તથા યુનિવર્સિટી કક્ષાએ ૨૧ મી જુન ૨૦૧૬ ના દિવસે ઈન્ટરનેશનલ યોગ ડે ની ઉજવણીનું સમગ્ર સંચાલન અને તૈયારી માટે એક અધ્યાપકની નોડલ ઓફિસર તરીકે નિયુકિત કરવાની રહેશે. આચાર્ય તથા અન્ય અધ્યાપકોને યોગની તાલીમ આપવાની રહેશે. આ માટે યુનિવર્સિટીઝ અને કોલેજોનું શૈક્ષણિક સત્ર શરુ થયા બાદ એફ.વાય. ના વિધાર્થીઓને બાદ કરતાં અન્ય વિધાર્થીઓને ૨૧ જુને હાજર રાખવા અને વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેવા તૈયાર કરવા માટે તમામ કોલેજોને સૂચનાઓ આપવાની જવાબદારી યુનિવર્સિટીની રહેશે.

યુનિવર્સિટીઓ ખાતે પણ ટીચીંગ અને નોન ટીચીંગ સ્ટાફ આ દિવસની ઉજવણીમાં જોડાયા તે માટે કુલપતિશ્રીએ આયોજન કરવાનું રહેશે. યુનિવર્સિટી કક્ષાએ યુનિવર્સિટી ટીચર્સ ધ્વારા અન્ય ટીચર્સ, નોન ટીચીંગ સ્ટાફ તથા યુનિવર્સિટી તથા હોસ્ટેલના વિધાર્થીઓને ૨૧, જુન પહેલાં પ્રશિક્ષિત કરી યુનિવર્સિટી કક્ષાએ ૨૧ જુને ભવ્ય કાર્યક્રમ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

**(ડ) એન્જીનીયરીંગ કોલેજો તથા જી.ટી.યુઃ-**

ઇજનેરી ડીપ્લોમા તથા ડીગ્રી કોલેજોના આચાર્ય તથા ટીચીંગ સ્ટાફ એ યોગની તાલીમ લેવાની રહેશે. શિક્ષકોની તાલીમ બાદ વિધાર્થીઓને ૨૧ જુન પહેલાં તાલીમ આપી તૈયાર કરવાના રહેશે.

જી.ટી.યુ. ખાતે પણ ટીચીંગ અને નોન ટીચીંગ સ્ટાફ આ તાલીમમાં ભાગીદાર થાય તે માટે કુલપતિશ્રીએ આયોજન કરવાનું રહેશે. દરેક કોલેજોને આ અંગેની વિગતવાર સૂચનાઓ આપવાની રહેશે.

**લકુલેશ યોગ યુનિવર્સિટીઃ-**

લકુલેશ યુનિવર્સિટી ધ્વારા દરેક શૈક્ષણિક સંસ્થામાં તા.૨૧-૦૬-૨૦૧૬ના રોજ મિનિસ્ટ્રી ઓફ આયુષ (Ministry of AYUSH), ગવર્નમેન્ટ ઓફ ઈન્ડીયા દ્વારા બહાર પાડવામાં આવેલ કોમન

યોગા પ્રોટોકોલ અનુસાર તાલીમ મળી રહે તે માટે બાયસેગના સંકલનમાં આયોજન કરવાનું રહેશે.

બાયસેગ:-

પ્રાથમિક શિક્ષક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક, કોલેજો તથા યુનિવર્સિટીઓના ટીચીંગ અને નોન ટીચીંગ સ્ટાફને આપવાની થતી તાલીમ માટે તૈયાર કરવામાં આવનાર કાર્યક્રમનું પ્રસારણ રમતગમત, યુવા, સાંસ્કૃતિક અને પ્રવત્તિઓના વિભાગ ધ્વારા સૂચવ્યા મુજબ આયુષ પ્રોટોકોલ અનુસાર બાયસેગ ધ્વારા તા. ૭.૬.૨૦૧૬ થી વંદે ગુજરાત ચેનલ પરથી કરવામાં આવશે જેનો લાભ દરેક શાળા, મહાશાળા, મહાવિધાલય, વિશ્વવિધાલયે લેવાનો રહેશે.

**જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર તથા નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત ( કે.સી.જી.), અમદાવાદ:-**

જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર તથા નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત, અમદાવાદની કચેરી આ કાર્યક્રમના સંચાલન અને આયોજનને સફળ બનાવવા માટે નોડલ એજન્સી તરીકે કાર્યરત રહેશે. દરેક શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીએ આ કાર્યક્રમના આયોજન માટે નોડલ અધિકારી નિયુકત કરવાના રહેશે. જી.સી.ઇ.આર.ટી. અને કે.સી.જી. એ પણ આ કાર્યક્રમના સંકલન માટે નોડલ ઓફીસર નિયુકત કરવાના રહેશે જેઓએ સંકલિત માહિતી યુવક સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગને પહોંચતી કરવાની રહેશે.

એન.એસ.એસ:-

રીઝીયોનલ ડાયરેકટરશ્રી, એન.એસ.એસ. ધ્વારા શાળા, કોલેજો તથા યુનિવર્સિટી કક્ષાએ એન.એસ.એસ.ના સેન્ટર જયાં આવેલ હશે ત્યાં એન.એસ.એસ. કોઓર્ડીનેટર્સને તૈયાર કરી યોગ ની તાલીમ આપી ૨૧ જુન, ઇન્ટરનેશનલ યોગ ડેની ઉજવણીને ભવ્ય બનાવવા તમામ કો-ઓર્ડીનેટર્સ તથા એન.એસ.એસ.ના વોલેન્ટીયર્સને આ કાર્યક્રમ માટે તાલીમબધ્ધ કરી સફળ બનાવવાનું રહેશે.

**આ અંગેની સામાન્ય અન્ય સૂચનાઓ નીચે મુજબ રહેશે.**

૧. ઉકત કાર્યક્રમને સફળતાપૂર્વક ઉજવવા માટે દરેક શૈક્ષણિક સંસ્થાએ આગોતરી તૈયારી કરી કાર્યક્રમને સફળ બનાવવાનો રહેશે. આ દિવસે સંસ્થાના વડા/ અચાર્ય, અધ્યાપકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ફરજિયાતપણે હાજર રહ તે સુનિશ્ચિત કરવાનુ રહેશે.

૨. તા.૭-૦૬-૨૦૧૬ થી તા.૨૧-૦૬-૨૦૧૬ સુધી સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન મળી રહે તે માટે BISAG દ્વારા યોગ સંબંધિત કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે જેનો લાભ મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓને મળે તેવુ આયોજન કરવાનું રહેશે.

૩. આ અંગેની સૂચનાઓ તથા સી.ડી. અને પુસ્તક ગુજરાત સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટીની વેબસાઇટ પર અપલોડ કરવામાં આવેલ છે તેનો ઉપયોગ પણ કરી શકાશે.

૪. ૨૧ મી જુનના દિવસે સવારે ૭:૦૦ કલાકથી રમતગમત, યુવા, સાંસ્કૃતિક અને પ્રવૃત્તિઓના ઠરાવમાં દર્શાવ્યા મુજબ કાર્યક્રમની ઉજવણીનું આયોજન કરવાનું રહેશે. તે પહેલા કાર્યક્રમની ઉજવણી માટે જરૂરી તમામ વ્યવસ્થા સંસ્થાના આચાર્યશ્રી અને નોડલ ઓફિસરે જિલ્લાના વડાના સંકલનમાં રહીને કરવાની રહેશે.

૫. ૨૧ મી જુનના દિવસે દરેક સંસ્થાએ કરેલ કામગીરીનો અહેવાલ કાર્યક્રમની પૂર્ણાહૂતિ બાદ તુરત જ સંબંધિત સંસ્થાઓએ નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG), એલ.ડી.એન્જિનીયરીંગ કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદને તથા જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગરને મોકલવાનો રહેશે. KCG તથા GCERTએ આ તમામ આંકડાઓ એકત્રિત કરી તેનો સમગ્રતયા અહેવાલ રાજ્ય સરકારને રજુ કરી તેની પૂરતી પ્રસિધ્ધિ થાય તેવો પ્રયત્ન કરવાનો રહેશે.

૬. શૈક્ષણિક સંસ્થાઓના વડાઓએ આ કાર્યક્રમની પુરતી પ્રસિધ્ધિ થાય અને વિદ્યાર્થીઓને તેઓના જીવનમાં યોગના મહત્વને મૂર્તિમંત કરી તેઓ તેમની રોજિંદી દિનચર્યાનો ભાગ બનાવે તેવા સઘન પ્રયાસો કરવાના રહેશે.

૭. ઉપરોક્ત સમગ્ર ઉજવણીની પુર્વતૈયારી અને સફળતાપૂર્વક સંચાલન અંગેનું મોનિટરીંગ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, કમિશ્નરશ્રી, શાળાઓ, કમિશ્નરશ્રી, મ.ભો.યોજના કમિશ્નરશ્રી(ઉચ્ચ શિક્ષણ) અને કમિશ્નરશ્રી (ટેકનિકલ શિક્ષણ)ની કચેરીઓ દ્વારા પણ કરવાનું રહેશે.

૮. ઉજવણી માટે જરુરી માર્ગદર્શન www.indianmedicine.nic.in અને www.sgsu.edu.in પર ઉપલબ્ધ છે ત્યાંથી મેળવવાનું રહેશે.

૯. ૨૧મી જૂનના દિવસે કરવાના થતા સમગ્ર કાર્યક્રમની રૂપરેખા રમતગમત, યુવા, સાંસ્કૃતિક અને પ્રવૃત્તિઓના વિભાગએ બહાર પાડયા મુજબ અનુસારવાની રહેશે.

૧૦. ઉપરોકત સમગ્ર કાર્યક્રમ અંગે વિધાર્થીઓ અને વાલીઓમાં જાગૃતિ આવે તેવા પુરતા પ્રયત્નો સંસ્થા કક્ષાએથી કરવાના રહેશે.

૧૧. વિશ્વ યોગ દિવસની ઉજવણીની કાર્યવાહી માટે રમતગમત, યુવા, સાંસ્કૃતિક અને પ્રવૃત્તિઓના તા. ૨૪.૪.૨૦૧૬ ના ઠરાવથી બહાર પાડવામાં આવેલ સૂચનાઓ તથા આ

પછી તે વિભાગ ધ્વારા બહાર પાડવામાં આવે તે તમામ સૂચનાઓનો અમલ દરેક શૈક્ષણિક સંસ્થાએ કરવાનો રહેશે. પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળા, કોલેજ અને યુનિવર્સિટીઓ તથા ટેકનીકલ સંસ્થાઓ સહિત શિક્ષણ સંલગ્ન સંસ્થાઓમાં અમલ થાય તે માટે આ સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૧૨. જિલ્લા કક્ષાએ શાળાઓ માટે જિલ્લા શિક્ષણાધિકારી / જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને યુનિવર્સિટી તથા કોલેજો માટે વાઇસ ચાન્સેલરશ્રીએ આગોતરું આયોજન કરવાનું રહેશે. રમતગમત, યુવા, સાંસ્કૃતિક અને પ્રવૃત્તિઓનો વિભાગ તથા કલેકટરશ્રીની ધ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જે સૂચનાઓ આપવામાં આવે તેનું અચૂક પાલન કરવાનું રહેશે.

( નિકુંજ જાની )
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન. રા.ક.મંત્રીશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૩) માન. રા.ક.મંત્રીશ્રી, પ્રાથમિક અને મા. શિ., ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૪) અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
(૫) અગ્ર સચિવશ્રી(ઉ.& ટે.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
(૬) કમિશ્નરશ્રી, શાળાઓ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૭) કમિશ્નરશ્રી, મ.ભો.યોજના, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૮) કમિશ્નરશ્રી(ઉચ્ચ શિક્ષણ), બ્લોક નં.૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
(૯) કમિશ્નરશ્રી(ટેકનિકલ શિક્ષણ), બ્લોક નં. ૨/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
(૧૦) સચિવશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૧) નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત, એલ.ડી.એન્જિનિયરિંગ કોલેજ કેમ્પસ, નવરંગપુરા અમદાવાદ
(૧૨) નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર.
(૧૩) નિયામકશ્રી, બાયસેગ,, ઇન્ફોસીટી પાછળ, ગાંધીનગર.
(૧૪) ડાયરેકટરશ્રી, લકુલેશ યોગ યુનિવર્સિટી, એસ જી હાઇવે, અમદાવાદ.
(૧૫) રીઝીયોનલ ડાયરેકટરશ્રી, એન.એસ.એસ., અમદાવાદ.
(૧૬) તમામ કુલપતિશ્રીઓ(કમિશ્નરશ્રી(ઉ.શિ.)મારફત)
(૧૭) તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ,
(૧૮) તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ...
(૧૯) નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર.
(૨૦) તમામ આચાર્યશ્રીઓ, ઉચ્ચ શિક્ષણની કોલેજો(કમિશ્નરશ્રી(ઉચ્ચ શિક્ષણ)મારફત)
(૨૧) તમામ આચાર્યશ્રીઓ, ટેકનિકલ શિક્ષણની સંસ્થાઓ(કમિશ્નરશ્રી(ટે.શિ.)મારફત)
(૨૨) સેકશન અધિકારીશ્રી(ખ, ખ – ૧, ધ અને સ શાખા શિક્ષણ વિભાગ)
(૨૩) કોમ્પ્યુટર સેલ શાખા, (વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ)
(૨૪) સિલેકટ ફાઇલ

૧૬૯/૫

કમાંક.................
શાખા.................
ACS
27 MAY 2016
332528

વિશ્વ યોગ દિવસ ઉજવણીની કાર્યવાહી અંગે.

ગુજરાત સરકાર
રમતગમત, યુવા, સાંસ્કૃતિક અને પ્રવૃત્તિઓ વિભાગ
બ્લોક નં. ૨/૮, સચિવાલય, ગાંધીનગર
ક્રમાંકઃ એસએજી/૧૦૨૦૧૬/૭૨૫/બ
તારીખઃ 24 MAY 2016

વંચાણે લીધાઃ
(૧) ભારત સરકારના આયુષ મંત્રાલયનો તા. ૧૧.૫.૨૦૧૬ નો અ.સ.પત્ર ક્રઃએસ/૧૧૦૧૨/૩૭/૨૦૧૬/આઈઈસી
(૨) રમતગમત, યુવા, સાંસ્કૃતિક અને પ્રવૃત્તિઓ વિભાગનો તા. ૨૬.૪.૧૬ નો ઠરાવ ક્રઃએસએજી/૧૦૨૦૧૬/૭૨૫/બ

ઠ રા વ :

સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન એવી યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં સામેલ કરી છે. તદ્દનુસાર પ્રતિવર્ષ ૨૧ જૂન ને 'વિશ્વ યોગ દિવસ' તરીકે ઉજવવાનું સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા જાહેર કરાયું છે. ભારત સરકારે યોગ વિદ્યાની મૂળભૂમિ એવા ભારતમાં સંપૂર્ણ રાષ્ટ્રમાં આ સંદર્ભે તે દિવસે વિરાટ અને વિસ્તૃત દરેક ગામમાં અને શહેરોમાં વિવિધ સ્થળોએ કાર્યક્રમોનું આયોજન કરવા નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારે વંચાણે લીધેલા ક્રમ(૨) ના ઠરાવથી માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અધ્યક્ષપદે રાજ્ય સ્તરની કેન્દ્રીય સમિતિની રચના કરી છે. આ સમિતિની પ્રથમ બેઠક તા. ૨૧.૪.૧૬ અને બીજી બેઠક તા. ૧૮.૫.૧૬ ના રોજ મળી હતી. ત્યારબાદ શ્રેણીબધ્ધ બેઠકોનું ક્રમશઃ આયોજન કરાયું છે. દરમ્યાનમાં આમુખમાં નિર્દિષ્ટ ક્રમ(૨) પરના ઠરાવમાં જણાવેલ નિશ્ચિત કાર્યો અનુસાર સમગ્ર રાજ્યમાં 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યો અને કાર્યક્રમો નિર્ધારિત સમયે યોજવા રાજ્ય, જિલ્લા અને તાલુકા સ્તરે સંકલન સમિતિઓનું આયોજન હાથ ધરવા રાજ્ય, જીલ્લા,

તાલુકા કક્ષાની સંકલન સમિતિની રચના કરવામાં આવેલ છે તે મુજબ દરેક સમિતિઓએ નિર્ધારિત સમય મર્યાદા મુજબ કાર્યવાહી હાથ ધરવાની રહે છે.

ઉક્ત સમિતિઓ દ્વારા વિશ્વ યોગ દિવસ ઉજવણી સંદર્ભે પૂર્વ તાલીમ, નિદર્શન, વ્યવસ્થાપન, સેનીટેશન, સ્થળ પસંદગી અને કાર્યક્રમ સંચાલન તથા ડેટા સંકલનની તમામ કામગીરી કરવાની રહેશે.

(૨) ક્ષેત્રીય સ્તરે યોગ તાલીમ માટે બૃહદ વ્યવસ્થા નીચે પ્રમાણે રહેશે.

- દરેક તાલુકા મુખ્ય મથકે બે કેન્દ્રો ૨૪૮ × ૨ = ૪૯૬
- દરેક જિલ્લા મુખ્ય મથકે પાંચ કેન્દ્રો 33 × ૫ = ૧૬૫
- દરેક નગરપાલિકામાં બે કેન્દ્રો ૧૫૯ × ૨ = ૩૧૮
- દરેક મહાનગરપાલિકામાં વહીવટી વોર્ડ વાર એક કેન્દ X ૮ મ.ન.પા.
- સરકારી/ખાનગી પ્રા. શાળાઓ ખાતે ગામ/શહેરના લોકો માટે જરૂર પડયે મેદાન/બગીચા વિગેરે સ્થળે વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
- ખાનગી માધ્યમિક/ઉ.મા.શાળા ૧૦૦૫૯
- ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ ૧૮૫૭
- કોલેજો ૧033 (કોલેજ દીઠ ૫૦૦)
- યુનિવર્સિટી અન્ય ૮૪ (યુનિ. ૫૦૦)
- પોલીટેકનીક - ૧૦૫ (પોલીટેકનીક દીઠ ૫૦૦)
- એન્જી. ફાર્મસી કોલેજો - ૧૯૮
- આઈ.ટી.આઈ. ૩૬૦ ( આઈ.ટી.આઈ. દીઠ ૫૦૦)
- એન.સી.સી. કેડેટ તાલીમ - ૫૦૦૦૦
- જી.આઇ.ડી.સી.એસ્ટેટો/અન્ય એસ્ટેટ/કારખાનાઓ

ઉક્ત કેન્દ્રોમાં તાલીમની વ્યવસ્થા કરી આ સ્થળોએ નિદર્શન કાર્યક્રમ રાખી, વિશ્વ યોગ દિવસ (૨૧.૬.૨૦૧૬) ના રોજ વધુમાં વધુ સંખ્યામાં યોગના કાર્યક્રમમાં લોકો હાજર રહે તેવું આયોજન કરવાનું રહેશે. ગામ અથવા શહેરના લોકો માટે જરૂર પડયે મેદાનમાં/બગીચાઓમાં વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

171/5

(૩) યોગ અભ્યાસ અને તાલીમ માટે જિલ્લા તથા તાલુકા સ્તરે સમિતિઓ દ્વારા જાહેર સ્થાનો ની પસંદગી કરવાની રહેશે. ખાસ તો સ્થાનિક વિસ્તારમાં આવેલ જાહેર ઉદ્યાનો, બગીચાઓ, ખુલ્લા મેદાનો, શાળા અને કોલેજોના કમ્પાઉન્ડો તથા અન્ય ખુલ્લા સ્થળો નક્કી કરીને તે સ્થળો જે તે સંસ્થાને યોગ નિદર્શન માટે ફાળવી આપવાના રહેશે.

(૪) જે તે સ્તરની સમિતિઓ દ્વારા સમગ્ર સ્થાનિક વિસ્તારમાં તા. ૨૧મી જૂન વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિત્તે યોગ નિદર્શન કાર્યક્રમ માટેનું આયોજન કરવાનું રહેશે.

(૫) રાજય સ્તરે ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટયુટ ફોર સ્પેસ એપ્લીકેશન્સ એન્ડ જીઓ-ઈન્ફોર્મેટીક (બાયસેગ) દ્વારા તા. ૨૧.૬.૧૬ ના રોજ કેન્દ્રીયકૃત રીતે યોગ નિદર્શન માટે સવારે સાત વાગે નિશ્ચિત સમયનો ૪૫ મિનિટનો પ્રોગ્રામ રીલે કરાશે. જે અગાઉથી સંદેશ આદિનું પ્રસારણ કરવાનું રહેશે. આ પ્રસારણને ગામ, તાલુકા તથા જિલ્લા સ્તરે ઉપલબ્ધ સામૂહિક ટી.વી. કેન્દ્રો અને રાજય નેટવર્ક પ્રસારણ સહિતના માધ્યમો દ્વારા પહોંચાડવાનું રહેશે.

(૬) યોગ નિદર્શનના કાર્યક્રમ નો વિશાળ પાયે જનતા ઉમળકાભેર ભાગ લે તે માટે સ્થાનિક લોકભાગીદારી સ્વૈચ્છિક/વ્યાવસાયિક સંસ્થાઓ જેવી કે સામાજીક અને ધાર્મિક સંસ્થાઓ, લાયન્સ કલબ, રોટરી કલબ, સ્થાનિક કલબો, સંસ્થાઓ, જેસીસ, ડોકટર્સ એસોસીએશન, વકીલ મંડળો, ટીચર્સ એસોસીએશન, આદિનો સંપર્ક કરી લોકભાગીદારીથી આયોજન કરવાનું રહેશે.

(૭) વિદ્યાર્થીઓ માટે શાળા અને કોલેજ સ્તરે એન.સી.સી. અને એન.એસ.એસ. મારફતે તથા નહેરૂ યુવા કેન્દ્ર અને વિવેકાનંદ યુવક મંડળના સભ્યોનો સમાવેશ કરીને તેઓને તથા તેઓ દ્વારા યોગ નિદર્શન માટે આયોજન કરવાનું રહેશે. આ સંદર્ભે શિક્ષણ વિભાગના પરામર્શમાં રહી મળેલ સૂચના અને સૂચન મુજબ કામગીરી કરવાની રહેશે.

(૮) સંસ્કૃતિ અને તાલીમલક્ષી સંસ્થાઓ જે યોગ અભ્યાસમાં પ્રવૃત્ત છે જેમ કે આર્ટ ઓફ લીવીગ, બ્રહ્માકુમારી, પતંજલિ યોગ સમિતિ, સ્વાધ્યાય પરિવાર, દાદા ભગવાન, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ, બોચાસણવાસી અક્ષર પુરૂષોતમ સંસ્થા, રામકૃષ્ણ મિશન આદિ સંસ્થાઓને સમગ્ર કાર્યક્રમ માટે નિમંત્રિત કરી આ કાર્યક્રમના પ્રચાર પ્રસાર તેઓ થકી પણ વિસ્તૃત રીતે થાય તેમ કરવાનું રહેશે.

(૯) જિલ્લા-તાલુકા સ્તરની પ્રથમ બેઠક ૧ થી ૬ જૂન ના સમય દરમ્યાન વિવિધ સ્ટેક હોલ્ડરની મીટીગ્સ આયોજીત કરી તેમાં સ્થળોની તેમજ માસ્ટર્સ યોગ ટ્રેઈનર્સની પસંદગી આખરી કરી દેવાની રહેશે. તેમજ માસ્ટર્સ ટ્રેઈનર્સને જરૂરીયાત મુજબ તાલીમ આપવાની રહેશે.

(૧૦) પસંદગીકૃત સ્થળો પર ૭ થી ૧૩ જૂન તમામ પી.ઈ. ટીચર્સ તથા વિષય ઉત્સુક અન્ય શિક્ષકો માટે તાલીમ માસ્ટર ટ્રેઈનર્સ દ્વારા આપવાની રહેશે.

(૧૧) તા. ૧૪ થી ૨૦ જૂન દરમ્યાન વિદ્યાર્થીઓ તેમજ જાહેર જનતા માટે યોગાભ્યાસનું આયોજન નક્કી કરેલા સ્થળોએ (શાળા/કોલેજો/કારખાના/કચેરીઓ/બગીચાઓ/મેદાનો) કરવાનું રહેશે.

(૧૨) તા. ૨૧ જૂન 'વિશ્વ યોગ દિવસ' ના દિવસે નિર્ધારીત જાહેર સ્થળોએ યોગ નિદર્શન કાર્યક્રમ આયોજીત કરાશે.

(૧૩) કલેકટરશ્રીઓ અને મહાનગરપાલિકાના કમિશનરશ્રીઓ દ્વારા રચનાત્મક વિશિષ્ટ અને આગવા કાર્યક્રમો થાય તે જોવાનું રહેશે. જેમકે ગત વર્ષે ભરૂચ કલેકટરશ્રીએ નર્મદા નદીમાં હોડી ઉપર યોગાનો કાર્યક્રમ કરેલ અને સૌનું ધ્યાન આકર્ષિત કરેલ તે મુજબ ઈનોવેટીવ/વિશિષ્ટ કાર્યક્રમ વિચારી શકાય.

આ ઉપરાંત નીચેની બાબતો ધ્યાને લેવાની રહે છે.

(૧૪) 'AYUSH' દ્વારા પ્રસારીત કરવામાં આવેલ Common Yoga Protocol નું પુસ્તક અને વીડીયો ની સી.ડી. માર્ગદર્શિકા પ્રમાણે જ તમામ સ્તરે યોગ તાલીમ અને નિદર્શન કરવાનું રહેશે. તે આયુષની

વેબસાઈટ www.indianmedicine.nic.in અને www.sgsu.edu.in પરથી ઉપલબ્ધ છે જે મેળવી શકાશે.

(૧૫) તા. ૭મી જૂનથી ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટ્યુટ ફોર સીસ્મોલોજી એન્ડ જીઓ ઈન્ફોર્મેટીક્સ દ્વારા પ્રતિદિન સવારે ૭ વાગે અને અન્ય તબક્કે આયુષ આધારીત યોગ નિદર્શન કોમન યોગા પ્રોટોકોલનું પ્રસારણ કરાશે.

(૧૬) ભારત સરકાર દ્વારા યોગ નિદર્શનની બહાર પડાયેલ ઉક્ત કેપ્સ્યુલ-'આયુષ' ની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે જે સર્વ કેન્દ્રો અને સ્થળોએ થાય તે મુજબનું આયોજન કરવાનું રહેશે. કેન્દ્રો પર પ્રસારણની સરળ ઉપલબ્ધિ માટે યોગ્ય સંખ્યામાં ટી.વી. સેટ વ્યૂહાત્મક રીતે નિદર્શન ઉપલબ્ધ બને તેમ જરૂર હોય તો લગાવવાના રહેશે. કેન્દ્ર સ્થળે એક સાદુ પ્લેટફોર્મ મહાનુભાવોની ઉપસ્થિતિ માટે ઉભુ કરાય અને પ્રસારણને સમાંતર યોગ નિષ્ણાંત પ્રશિક્ષક દ્વારા માઈક પર સરળ સૂચનાઓ પ્રસારીત કરાય તેવું સામાન્ય આયોજન રહેશે. પ્રતિ સો વ્યક્તિએ યોગ પ્રશિક્ષકની સુપરવિઝન ઉપલબ્ધિ નાગરિકોને સહાયક નીવડી શકે.

(૧૭) યોગ નિદર્શનમાં ભાગ લેતા નાગરિકો માટે ડ્રેસકોડ તરીકે સફેદ હળવા વસ્ત્રો સામાન્યતઃ રહે તેવું ઈચ્છનીય છે. તેમ છતાં યોગાસનો કરવા માટે અનુકૂળ વસ્ત્રો હોય તે સૂચિત કરવાનું રહેશે.

(૧૮) દરેક સંસ્થા અને કેન્દ્ર ખાતે સંચાલન અને સંકલન માટે સંબંધિત અધિકારી અને/અથવા સંસ્થાને અગ્ર સંકલનકાર તરીકે નીમવાના રહેશે. તેઓ દ્વારા યોગ નિદર્શનમાં હાજર રહેનાર સંખ્યાની નોંધણીની કાર્યવાહી કરવાની રહેશે. કોલેજો માટે પ્રિન્સીપાલ તથા પ્રાથમિક માધ્યમિક શાળા માટે જે તે શાળાના પ્રિન્સીપાલને નોડલ અધિકારી તેમજ પી.ઈ. અથવા અન્ય શિક્ષકને સહ નોડલ અધિકારી તરીકે નિયુક્ત કરવાના રહેશે.

(૧૯) જીલ્લા તાલુકા કાર્યક્રમમાં દિવ્યાંગ વ્યક્તિઓ પણ ભાગ લે તે માટે આયોજન કરવાનું રહેશે. જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી, કલેક્ટરશ્રીના સંપર્કમાં રહી આ અંગેની કાર્યવાહી કરશે.

(૨૦) જિલ્લામાં આવેલ મોટા ઔદ્યોગિક ગૃહો તથા જીઆઈડીસી એસ્ટેટમાં પણ સદર કાર્યક્રમ યોજાય તે માટે સંબંધિત જિલ્લા ઉદ્યોગ અધિકારીશ્રીને ઉદ્યોગ વિભાગ દ્વારા જરૂરી સૂચનાઓ આપવાની રહેશે. કલેક્ટરશ્રી આ બાબત તેમના આયોજનમાં સમાવી લેશે.

(૨૧) રાજ્યમાં આવેલી જેલોમાં પણ આ કાર્યક્રમ થાય તે મુજબ જ આયોજન કરવાનું રહેશે. આ અંગે મહાનિર્દેશક(જેલ) દ્વારા સંકલન કરવાનું રહેશે.

સરપંચ, તાલુકા પંચાયત/જીલ્લા પંચાયત ના પ્રમુખશ્રીઓ, સભ્યશ્રીઓ નગરપાલિકાના પ્રમુખશ્રીઓ, સભ્યશ્રીઓ, મહાનગરપાલિકાના મેયરશ્રીઓ,સભ્યશ્રીઓ, ધારાસભ્યો, સંસદસભ્યો તથા બોર્ડ કોર્પોરેશનના સભ્યશ્રીઓ, ચેરમેનશ્રીઓ, તેમજ તમામ પદાધિકારીઓને સાંકળીને સદર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થાય તે મુજબ કામગીરી કરવાની રહેશે.

(૨૨) તાલુકા અને જિલ્લા સમિતિઓ દ્વારા પોતાના વિસ્તારમાં નક્કી કરેલા સ્થળોએ ભાગ લેતી સંસ્થાઓ અને ભાગીદારીની સંખ્યા સહિતની વિગતોનું ડોક્યુમેન્ટેશન યોગ્ય રીતે થાય તથા જિલ્લા સ્તરે તે યોગ્ય રીતે પૂરૂ પડાય તે જોવાનું રહેશે. કલેક્ટરશ્રી જે તે જિલ્લાના ડોક્યુમેન્ટેશનની વિગતો તૈયારી અને સોંપણી માટે જવાબદાર રહેશે. આ માટે એક નોડલ અધિકારીની નિમણૂક કરવાની રહેશે.

(૨૩) જિલ્લા સમિતિ દ્વારા સમગ્ર ડેટા સોફ્ટ કોપીમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીને iyd.sgsu@gmail.com ઉપર આ સાથે સામેલ પત્રકો મુજબ પૂરો પાડવાનો રહેશે. આ માટે (૧) ૧-૬ જૂન દરમ્યાન સ્થળો અને માસ્ટર્સ ટ્રેઈનર્સની વિગતો (૨) ૭-૧૩ જૂન દરમ્યાન ટ્રેઈનર્સ ને માસ્ટર્સ ટ્રેઈનર્સ દ્વારા અપાતી ટ્રેઈનીગની વિગતો

૧૪૮/૫

(૩) ૧૪-૨૦ જૂન દરમ્યાન યોજાયેલ યોગાભ્યાસની વિગતો (૪) ૨૧ જૂન ના રોજ યોજાયેલ કાર્યક્રમની વિગતો તેમજ સંકલિત અહેવાલ.

કલેકટરશ્રીઓ, નગરપાલિકા અને કમિશનરશ્રી,મહાનગર પાલિકાઓ માટે રજીસ્ટ્રેશન માટે વેબસાઈટની વ્યવસ્થા કરવાની રહેશે. જેમાં ભાગલેનારની સંખ્યા, જગ્યાની પસંદગી, યોગ તાલીમ માટે તેમજ નિદર્શન માટે કરી શકશે. આ ઉપરાંત કલેકટરશ્રીઓ અને કમિશનરશ્રીઓ દ્વારા વિશિષ્ટ અને રચનાત્મક કાર્યક્રમો થાય તે જોવાનું રહેશે. જેઓ દ્વારા સમગ્ર રાજયમાં યોગ નિદર્શન અંગે થયેલ કાર્યવાહીનો સંકલિત અહેવાલ સરકાર સમક્ષ ૧લી જુલાઈ ૨૦૧૬ ના રોજ રજૂ કરવાનો રહેશે.

(૨૪) કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ હેલ્થ પોર્ટલ પર લીન્ક શરૂ કરાઈ છે. તેમાં સમગ્ર રાષ્ટ્રના જિલ્લાવાર મથકો તથા ભાગીદારોની સંખ્યા કલેકટર દ્વારા અપલોડ કરવાની સૂચના છે આથી તે મુજબ પણ કરવાનું રહેશે.

(૨૫) જેમ જેમ શહેરવાર,ગામ વાર, કેન્દ્રો વાર રજીસ્ટ્રેશન થાય તેમ તેમ રોજ રોજની માહિતી અપલોડ કરી મોકલવાની રહેશે.

(૨૬) સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના યોગ ઈન્સ્ટ્રકટર, લકુલીશ યોગ યુનિવર્સિટીના યોગ પ્રશિક્ષક તથા શાળા કોલેજોના વ્યાયામ શિક્ષકો અને સ્વૈચ્છિક સંસ્થાઓના યોગ નિષ્ણાંતો સ્વૈચ્છિક સંસ્થાઓના યોગ પ્રશિક્ષકો જરૂરી તાલીમ તથા પ્રસારણ સેવા સમય માટે પ્રથમ પસંદગીપાત્ર રહેશે.

(૨૭) જિલ્લા અને તાલુકા સ્તરે કેબલ નેટવર્કની અંદર આ માટે સ્ક્રોલ દ્વારા યોગદિવસ ઉજવણીનું વિજ્ઞાપન થાય અને સ્થાનિક અખબારોમાં તેને લગતી યોગ્ય પ્રસિધ્ધિ મળે તે માટેના પૂરતા પ્રયત્નો કરવાના રહેશે.

(૨૮) રાજયસ્તરની સમિતિ દ્વારા આ ઉપરાંત જે વિશેષ સૂચનાઓ બહાર પડાય તે ક્ષેત્રીય અધિકારીઓને યથા સમય ઈ-મેઈલથી મોકલાશે. તેમ

છતાં સ્થાનિક જરૂરીયાતોને ધ્યાનમાં લઈ તેઓ દ્વારા મહત્તમ યોગ પ્રશિક્ષણ કાર્ય માટે જરૂરી સર્વ પગલા લેવા તેઓ અધિકૃત રહેશે.

(૨૯) સર્વે કલેકટરશ્રીઓને ઉકત કાર્યક્રમ આયોજન સહાય સ્વરૂપે સરકારશ્રી દ્વારા જે ગ્રાન્ટ મંજૂર થાય તદ્દનુસાર જિલ્લા દીઠ ફાળવણી કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા કરાશે. આ ઉપરાંત લોક ભાગીદારીથી તેમજ કાર્યક્રમમાં મહત્તમ લોકો ભાગ લે તે રીતનું આયોજન કરવાનું રહેશે.

(૩૦) યોગ તાલીમ અને નિદર્શનમાં લોકભાગીદારી માટે આયોજનની વિગતો રજૂ કરવા માટે નિયત પત્રક પરિશિષ્ટ-૧ તરીકે સામેલ છે જે ભરીને સ્વર્ણિમ ગુજરાત સ્પોટર્સ યુનિવર્સિટીને iyd.sgsu@gmail.com મોકલવાનું રહેશે.

(૩૧) કામગીરીની વિગતવાર વહેંચણી માટે પરિશિષ્ટ-૨ સામેલ છે. તે મુજબ સંબંધિતો સાથે સંપર્ક કરી કામગીરીની વહેંચણી આયોજન કરવાનું રહેશે.

(૩૨) કેન્દ્ર-સંસ્થાવાર ભાગીદારીના સૂચિત લઘુત્તમ લક્ષ્યાંક માટે પરિશિષ્ટ-૩ સામેલ છે.

(સુરેશ કાનાબાર)
સંયુક્ત સચિવ
રમતગમત, યુવા, સાંસ્કૃતિક અને
પ્રવૃત્તિઓ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી/ માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી/ મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- રાજય સરકારના તમામ વિભાગના અ.મુ.સ.શ્રી, અગ્રસચિવશ્રી, સચિવશ્રી, (પ્રભારી સચિવશ્રી તરીકે) સચિવાલય, ગાંધીનગર.
- શ્રી પી.ડી. વાઘેલા, આઈ.એ.એસ. વાણિજય વેરા કમિશનરશ્રી, અમદાવાદ.
- કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર.
- ડાયરેકટર જનરલશ્રી, સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
- વાઈસ ચાન્સેલરશ્રી, સ્વર્ણિમ ગુજરાત સ્પોટર્સ યુનિ. ગાંધીનગર.

१२२/५

- વાઈસ ચાન્સેલરશ્રી, લકુલીશ યોગ યુનિવર્સિટી, અમદાવાદ.
- સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રી(સર્વ સંબંધિતોને જાણ કરવાની સૂચના સહ)
- શ્રી ટી.પી. સિંઘ, નિયામકશ્રી, બાયસેગ, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લા પોલીસ વડાશ્રીઓ
- જેલ મહાનિર્દેશકશ્રી, અમદાવાદ
- માહિતી કમિશનરશ્રી, માહિતી વિભાગ, ગાંધીનગર.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૧ તા.૬-૬-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- તા.૧૫,૧૬ અને ૧૭ જૂન-૨૦૧૬ દરમ્યાન 'કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશ મહોત્સવ-૨૦૧૬' ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના પત્રાંક પ્રાશિનિ/ચ-૧/પ્રવેશોત્સવ/૧૬/૨૯૪૪-૩૦૩૪/ તા.૩૧-૫-૧૬

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે,દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ "કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશ મહોત્સવ-૨૦૧૬'''ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.ચાલુ વર્ષે કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશ મહોત્સવ-૨૦૧૬ નું આયોજન તા. ૧૫,૧૬ અને ૧૭ જૂન-૨૦૧૬દરમ્યાન કરવામાં આવ્યું છે.

આ અંગેની અગત્યની મીટીંગ તા.૯-૬-૧૬ના રોજ સવારે ૮.૩૦ કલાકે ટાઉન હૉલ, એલિસબ્રીજ ખાતે માન. મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને રાખેલ છે. જેમાં તમામ મુખ્ય શિક્ષકશ્રીઓએ સમયસર હાજર રહેવું.

પ્રાથમિક શિક્ષણ મેળવવાપાત્ર તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણની સુવિધા સરળતાથી ઉપલબ્ધ થાય અને એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે શાળાઓમાં ૧૦૦% નામાંકન થાય, કન્યા કેળવણીનું ધ્યેય ૧૦૦% સિદ્ધ થાય, ધો. ૮ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યા પહેલાં શાળા છોડી ગયેલા બાળકોનો પુનઃ પ્રવેશ થાય, ધો. ૮ ના તમામ બાળકો ધો. ૯ માં પ્રવેશ પામે તે માટે કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશ મહોત્સવ-૨૦૧૬નું આયોજન કરવા શહેર કક્ષાની અમલીકરણ સમિતિમાં નક્કી થયેલ નીચેના સૂચનો મુજબની કામગીરી કરશો. :-

(૧) કાર્યક્રમનું આયોજન મ્યુનિ. શાળાઓ માટે ૧૫,૧૬,૧૭ જૂન-૨૦૧૬ નક્કી થયેલ છે.

(૨) આર.ટી.ઈ.રૂલ્સ-૨૦૦૯ અંતર્ગત તા.૧-૬-૧૬ના રોજ પાંચ વર્ષ પુરા થતા હોય તેવા બાળકોને ધો.૧માં પ્રવેશ આપવાનો રહેશે.

(૩) દરેક શાળામાં 'મનુષ્ય તુ બડા મહાન હૈ' ગૌરવગાનથી કાર્યક્રમની શરૂઆત કરાવવી તથા એક દેશભક્તિગીતનું ગાન કરાવવું.

(૪) ઉલ્લાસમય વાતાવરણ તૈયાર કરી, શાળામાં નવીન પ્રવેશ મેળવતા બાળકોનું સ્વાગત કરવા નીચેના ક્રમ પ્રમાણે પ્રવેશ અપાવવો.

- સૌ પ્રથમ આંગણવાડીના બાળકોને પ્રવેશ અપાવવો.
- ત્યારબાદ ધો.૧ માં પ્રવેશપાત્ર બાળકોને પ્રવેશ અપાવવો.
- શાળા છોડી ગયેલા ૬-૧૪ વયજૂથનાં તમામ બાળકોનો પુનઃપ્રવેશ કરાવવો.
- ધો. ૬ ન હોય તેવી શાળાના ધો. ૫ ના બાળકોને નજીકની શાળામાં પ્રવેશ કરાવવો. ધો. ૬ ન ધરાવતી શાળાના ધો.૭ ના બાળકોને નજીકની શાળામાં પ્રવેશ કરાવવો.

(૫) પ્રવેશોત્સવનું સ્થળ પ્રાથમિક શાળાના કેમ્પસમાં રાખવાનું છે જ્યાં આંગણવાડી નો પ્રવેશોત્સવ કરવાનો રહેશે.

(૬) ધો. ૮ પછી કેટલા વિદ્યાર્થીઓએ ધો. ૯ માં પ્રવેશ મેળવ્યો અને કેટલા વિદ્યાર્થીઓએ આઈ.ટી.આઈ. માં પ્રવેશ મેળવ્યો અથવા તો અભ્યાસ છોડી દીધો તે માહિતી મેળવી શાળા કક્ષાએ રાખવી.

(૭) ધો. ૮ પાસ કરી બાળકોએ ધો. ૯ માં પ્રવેશ મેળવેલ છે કે કેમ અથવા તો ડ્રોપ આઉટ થયેલ છે કે કેમ તથા ધો. ૯ માં કઈ શાળામાં પ્રવેશ મેળવેલ છે તેની વિગતો સીઆરસી હેઠળ આવતી શાળાઓમાં તૈયાર કરવાની જવાબદારી જે તે સીઆરસીની રહેશે અને ધો.૮ પાસ કરી ધો. ૯ માં જનાર બાળકોની તમામ વિષયોની ઉત્તરવહીઓ જે તે માધ્યમિક શાળામાં મોકલવાની રહેશે આ કામગીરી સીઆરસી કો.ઓ.એ કરવાની રહેશે તેમજ ધો.૯ વાળી આ શાળામાં કન્યા કેળવણી મહોત્સવ થવાનો છે તેની લાયઝન અધિકારી મારફતે જાણકારી મેળવી સબંધિત શાળાના મુખ્ય શિક્ષકશ્રી તેમજ ધો.૮ ભણાવતા તમામ શિક્ષકશ્રીઓએ જરૂરી વિગતો સાથે હાજર રહેવું.

(૮) ગુણોત્સવ-૬ ના પરિણામ આધારિત જે - તે શાળા 'સી-ડી' ગ્રેડમાં આવેલ છે તેને 'એ+' 'એ' અને 'બી' ગ્રેડ સુધી પહોંચાડવાની જવાબદારી જે-તે મુખ્યશિક્ષક / શિક્ષકની નક્કી કરવામાં આવશે.

(૯) એક વિદ્યાર્થીની અને એક વિદ્યાર્થી દ્વારા કાર્યક્રમનું સંચાલન થાય તેવું આયોજન કરવું.

(૧૦) શાળામાં જે - તે દિવસે બાળકોને વિનામૂલ્યે પાઠયપુસ્તકો, વિદ્યાલક્ષ્મી બોન્ડ, શિષ્યવૃત્તિ, વિદ્યાદીપ વિમા યોજનાના ચેક વગેરેનું વિતરણ કરવું.

(૧૧) વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના અંગે વાલીઓને માહિતગાર કરવા તથા પાત્રતા ધરાવતી કન્યાઓને કાર્યક્રમ વખતે બોન્ડ આપવા.

(૧૨) પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાલક્ષ્મી બોન્ડ ધરાવતી કન્યાઓને પાકતી મુદતના બોન્ડની રકમના ચેકનું વિતરણ કરવું.

(૧૩) સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો, પાણી બચાવો, વૃક્ષારોપણ વિષય પર બાળકોને વક્તવ્ય તા. ૧૫ થી ૧૭ જૂન દરમ્યાન તૈયાર કરાવવાની જવાબદારી શિક્ષકોની રહેશે. પ્રવેશોત્સવ વખતે બે વિદ્યાર્થીઓનું વક્તવ્ય રાખવું.

(૧૪) કાર્યક્રમમાં વધારેમાં વધારે લોકભાગીદારી ઉપલબ્ધ થાય તેવા પ્રયાસો કરવા.

(૧૫) બાળકોને સુખડી સાથે ફળો આપી શકાય તે અંગે પણ કાર્યવાહી કરવી.

(૧૬) પ્રવેશપાત્ર બાળકના મસ્તક ઉપર ટોપી, મુગટ કે પટ્ટી કશુંય પહેરાવવું નહીં.
(૧૭) ધો. ૩ થી ૮ માં પ્રથમ ત્રણ ક્રમાંકે ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવું.
(૧૮) દાતાઓ, સહકારી સંસ્થા કે સ્વૈચ્છિક સંસ્થાઓનો સંપર્ક કરી દાન/ લોકફાળો મેળવવા પ્રયાસ કરવા તથા દાતાઓનું સન્માન કરવું.
(૧૯) કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશ મહોત્સવ-૨૦૧૬ના દિવસે કાર્યક્રમ પહેલાં વોર્ડની તમામ શાળામાં વિસ્તારની આસપાસ રેલીનું આયોજન કરવું. જેમાં વાલીઓમાં શિક્ષણ અને કન્યા કેળવણી પ્રત્યે જાગૃતિને લગતા સૂત્રો, કાર્ડસ, બેનર્સ વગેરે સાથે લઈને જવું. મહાનગર પાલિકામાં દરેક વોર્ડમાં રેલીનું આયોજન કરવું.
(૨૦) પદાધિકારી/અધિકારી કે પ્રવેશ પામતાં બાળકોનું ફૂલ, કંકુ કે ગુલાબની પાંદડી, ચંદન તિલકથી સ્વાગત કરવું નહીં.
(૨૧) પ્રવેશ પામતા બાળકોના ડ્રેસ ઉપર તેમના નામનું બેઈઝ લગાવી શકાય તેમજ પ્રવેશ પામતા વિદ્યાર્થીઓને જે પાઠયપુસ્તક અને બ્રેઈલ પાઠયપુસ્તક કે કીટ આપવામાં આવે તેના ઉપર પણ તેનું નામનું સ્ટીકર લગાવવાનું ફરજિયાત રહેશે તેમજ વિદ્યાલક્ષ્મી બોન્ડની કોપી જો મળવાપાત્ર હોય તો પણ સાથે રાખી તેને આપી શકાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે. આ અંગેની જવાબદારી જે- તે શાળાના શિક્ષકને સોંપવી.
(૨૨) વર્ષ ૨૦૧૫-૧૬ ની **NMMS** પરીક્ષાઓમાં ઉર્તિણ થયેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું રહેશે.
(૨૩) શાળામાં આવનાર પદાધિકારી/અધિકારી પ્રવેશોત્સવ બાદ **RTE** અંતર્ગત નબળા વર્ગનાં બાળકોને પ્રવેશ આપેલ નજીકની ખાનગી શાળાની મુલાકાત લેનાર છે, તો તે અંગે આયોજન કરવું.
(૨૪) દાતાઓ પાસેથી આંગણવાડીના બાળકો માટે કાર્યક્રમ અગાઉ રમકડાં મેળવવાં/ એકઠાં કરવાના રહેશે. આ રમકડાં આંગણવાડીના બાળકોને વિતરણ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી. આ માટે આંગણવાડીની બહેનોનો અગાઉથી સંપર્ક કરી હાજર રાખવા.
(૨૫) દાતાઓ પાસેથી શાળા લાયબ્રેરી માટે પુસ્તકો મેળવવા અને મહાનુભાવોના હસ્તે શાળાને અર્પણ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી.
(૨૬) જે શાળા ૧૦૦ વર્ષ કરતાં જૂની છે તેવી શાળાઓમાં વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવું અને શાળા પ્રોફાઈલમાં તેનો ઉલ્લેખ કરવો.
(૨૭) શહીદોના નામાંકરણવાળી શાળામાં જે - તે શહીદવીરને શ્રધ્ધાંજલિ આપવી અને બાળકો દ્વારા વાર્તાલાપ ગોઠવવો.
(૨૮) શાળા પ્રોફાઈલનો નમૂનો અગાઉ આપેલ છે તે નમૂના મુજબ જ પ્રોફાઈલ બનાવવાની રહેશે. પ્રોફાઈલની જરુરીયાત મુજબની નકલ તૈયાર રાખવી. એક જ બિલ્ડીંગમાં એક કરતાં વધુ માધ્યમ હોય તો માધ્યમવાર અલગ પ્રોફાઈલ બનાવવી. પ્રવેશોત્સવનો સમગ્ર કાર્યક્રમ તમામ શાળાઓ સાથે રહીને એક જ કાર્યક્રમ સ્વરૂપે આયોજનબદ્ધ કરવાનો રહેશે. કાર્યક્રમમાં તમામ શાળાના બાળકોનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તેમ કરવું.(પ્રવેશ, ઈનામ વિતરણ, વકતવ્ય, કાર્યક્રમ સંચાલન, યોગનિદર્શન વગેરે)
(૨૯) મહેમાનોનું સ્વાગત ફ્રૂટ બાસ્કેટથી કરવાનું રહેશે. આ ફ્રૂટ બાસ્કેટ મહેમાનોના હસ્તે આંગણવાડીની બહેનોને સુપ્રત કરવાના રહેશે.
(૩૦) સર્વ શિક્ષા અભિયાન નિર્મિત શાળાના વર્ગખંડો, પ્રજ્ઞાના નવા વર્ગોનું શુભારંભ કરવવો, નવા બિલ્ડીંગો તેમજ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવેલ નવા બિલ્ડીંગોનું લોકાર્પણ કરવું તેમજ નવા બનનાર વર્ગખંડોનું ખાતમુર્હુત મહાનુભાવોના હસ્તે કરાવવું. આ અંગે આસિ.એ.ઓ. પાસેથી માહિતી મેળવી લેવી.
(૩૧) વૃક્ષારોપણમાં સરગવા કે ફળના છોડ રોપવા. અગાઉથી આ રોપાઓની વ્યવસ્થા કરી લેવી.
(૩૨) તમામ શાળાઓમાં તા.૧૨-૦૬-૨૦૧૬ સુધીમાં પાણીની ટાંકીઓની સફાઇ થનાર છે તો તમામ મુખ્યશિક્ષકશ્રીઓએ પોતાની હાજરીમાં ટાંકીની સફાઇ કરાવી સફાઇ બરાબર થઇ છે તે જોયા બાદ પ્રમાણપત્ર આપવું.(ટાંકી સફાઇ કરનાર એજન્સીનું નામ : પી.દાસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, શ્રી પરેશભાઇ લાખાણી, મોબાઇલ નં. ૯૩૨૮૭૮૪૬૯૭)
(૩૩) પ્રવેશોત્સવ દરમ્યાન સમગ્ર શાળા અને તેની આસપાસના વિસ્તારની સફાઈ થાય તેવું આયોજન કરવું. સફાઈ માટે નજીકનાં મસ્ટર સ્ટેશનનો સંપર્ક કરવો અને લેખિતમાં જાણ પણ કરવી.
(૩૪) તા. ૦૭-૦૬-૧૬ થી તા. ૦૮-૦૬-૧૬ દરમ્યાન શાળાની સંપૂર્ણ સફાઇ થઇ જાય તેવું આયોજન કરવું.
(૩૫) પ્રવેશોત્સવના દિવસે પણ શાળા તેમજ શાળાની આસપાસના વિસ્તારની સફાઇ થઇ જાય તેવું આયોજન કરવું.
(૩૬) શાળા દ્વારા સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, કાઉન્સીલરશ્રીઓ, મ્યુનિ. સ્કૂલ બોર્ડ સભ્યશ્રીઓને આમંત્રિત કરવા.
(૩૭) દરેક શાળાએ ‘ સ્કૂલ રીપોર્ટ કાર્ડ ’ અને ગુણોત્સવ-૬(૨૦૧૬) રીપોર્ટ કાર્ડ પ્રોફાઇલ સાથે રાખવો(ગુણોત્સવ રીપોર્ટ કાર્ડ સીઆરસી પાસેથી મેળવવાના રહેશે).
(૩૮) ધો.૧માં નવા પ્રવેશ પામેલ બાળકોના ગણવેશ માટે રૂા.૩૫૦/- એસ.એમ.સી.ના ખાતામાં ધો.૧ના બાળકોના બેંક એકાઉન્ટ ખોલાવી અત્રેની ઓફિસે વિગતો મોકલી આપ્યા બાદ જ જમા કરાવવામાં આવશે.
(૩૯) ફેઝ-૭માં આવરી લેવાયેલ સ્કૂલ બોર્ડની ૬ શાળાઓમાં ધો.૧,૨ના પ્રજ્ઞા વર્ગોની જાહેરાત કરવી.
(૪૦) કાર્યક્રમ પૂર્ણ થયા બાદ દિન-૩માં કાર્યક્રમના પાંચ ફોટોગ્રાફ સાથેનો અહેવાલ સુપરવાઈઝરશ્રીને પહોંચાડવો.

(૪૧) કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત સ્કૂલ બોર્ડ દ્વારા રૂા.૧૫૦૦/- ફાળવવામાં આવનાર છે, જેના હિસાબો સુપરવાઈઝરશ્રી પાસે ચેક કરાવવાના રહેશે. એક જ બિલ્ડીંગમાં બેસતી તમામ શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓએ સાથે મળીને ખર્ચનું આયોજન કરવું. આ માટે દરેક શાળાના શિક્ષકને ખર્ચ સમિતિમાં પ્રતિનિધિ તરીકે રાખવા.

(૪૨) કાર્યક્રમ દરમ્યાન નામાંકન થયેલ બાળકોની માહિતી, મળેલ લોકસહયોગની માહિતી નિયત નમૂનામાં સી.આર.સી. કો.ઓર્ડી.ને ત્વરિત પૂરી પાડવાની રહેશે.

(૪૩) તમારી શાળામાં આવનાર તમામ મહેમાનશ્રીઓની નેમ પ્લેટ તૈયાર કરી પ્રોટોકોલ મુજબ સ્ટેજ પર ગોઠવવી.

(૪૪) તમારી શાળામાં જે-જે મહાનુભાવોને આમંત્રણ આપવાના થાય તેમાં શાળાના નામની સાથે શાળાનું આખું સરનામું તેમજ મુખ્ય શિક્ષકશ્રીએ પોતાનો મોબાઈલ નંબર દર્શાવવો.

(૪૫) એસ.એસ.એ. અંતર્ગત જે શાળાઓમાં પરિવહન સુવિધા ચાલુ કરવાની થતી હોય તેવી શાળાઓએ મહાનુભાવોના હસ્તે લાભાર્થી બાળકોનું વાહનો સાથે આગમન/ પ્રસ્થાન કરાવવું.

(૪૬) પ્રવેશોત્સવ સાથે શૈક્ષણિક મૂલ્યાંકનનું આયોજન હોઈ ધો. ૧ થી ૮ ના તમામ પરિણામ પત્રકો અને **SCE** ના તમામ પત્રકો ચકાસીને તૈયાર રાખવા અને બાળકોની વાર્ષિક પરીક્ષા-૨૦૧૬ની ઉત્તરવહીઓ અલગ ટેબલ પર ધોરણ અને વિષયવાઈઝ કમાનુસાર તૈયાર રાખવી.

(૪૭) ધો.૯ માં જે માધ્યમિક શાળાઓમાં બાળકોએ પ્રવેશ મેળવેલ હોઈ તે માધ્યમિક શાળામાં ધો.૮ની ઉત્તરવહીઓ તેમજ **SCE** પત્રકો પ્રવેશોત્સવ અગાઉ સી.આર.સી. કો.ઓ.શ્રીને આપવાના રહેશે. જે અંગેની પહોંચ સી.આર.સી. કો.ઓ. પાસેથી મેળવી લેવાની રહેશે.

(૪૮) આ સાથે શાળા પ્રવેશોત્સવ દરમ્યાન શૈક્ષિણક મૂલ્યાંકનની માર્ગદર્શિકા સામેલ છે તે મુજબ શૈક્ષણિક મૂલ્યાંકન કરવામાં આવનાર છે તે મુજબ તૈયારી કરાવવી.

(૪૯) આપની શાળાનાં સરકારશ્રી, અ.મ્યુ.કો કે દાતાઓ તરફથી આપવામાં આવેલ તમામ કોમ્પ્યુટર ચાલુ હાલતમાં છે કે કેમ તે ચકાસી, કોમ્પ્યુટર ચાલુ રાખવા.

(૫૦) શાળામાં આર.ઓ. પ્લાન્ટ જો બંધ હોય તો તાકીદે સર્વ શિક્ષા અભિયાનના પ્રોજેક્ટ ઈજનેરનો સંપર્ક કરી રીપેર કરાવી લેવા.

(૫૧) શાળામાં કોઈપણ પ્રકારનું ઈલેક્ટ્રીક વાયરીંગમાં રીપેરીંગની જરૂરિયાત જણાય તો તાકીદે રિપેર કરાવી લેવું.

ઉપરોકત માર્ગદર્શક સૂચનો મુજબ તમામ શાળાઓમાં પરિણામલક્ષી કન્યા કેળવણી રથયાત્રા અને પ્રવેશ મહોત્સવનું આયોજન કરી પ્રવેશપાત્ર બાળકોને શાળામાં લાવી અને તેનું સ્થાયીકરણ કરી ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ પ્રાપ્ત કરે તેવું આયોજન આપની કક્ષાએથી કરવાનું રહેશે. વાલી મીટીંગમાં સાક્ષરતા દર વિશે ચર્ચા કરવી.

પ્રવેશોત્સવની ઉજવણી થયા બાદ પ્રવેશોત્સવ અહેવાલ તથા આ સાથે સામેલના પત્રકો મુજબની માહિતી તા.૧૫-૬-૧૬, તા.૧૬-૬-૧૬ અને તા.૧૭-૬-૧૫ની માહિતી સી.આર.સી.કો.ઓ.ને ૩-૦૦ કલાક સુધીમાં મોકલવી તેમજ તા.૩૦-૬-૧૬, તા.૧૫-૭-૧૬ તા.૩૧-૭-૧૬, તા.૧૬-૮-૧૬, તા.૩૧-૮-૧૫ની માહિતી ૨-૦૦ કલાક સુધીમાં જે તે દિવસે ઝોન ઓફિસમાં મોકલવી, આ ઉપરાંત શાળા શરૂ થતાં પ્રથમ દિવસથી દરરોજ ૨-૦૦ કલાક સુધીમાં ધો.૧ તથા ધો.૯ના નવીન પ્રવેશની સંખ્યા એસ.એમ.એસ. દ્વારા સુપરવાઈઝરશ્રીને મોકલવાની રહેશે.

તા.૦૬-૦૬-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

બિડાણ :-૧. શાળા પ્રવેશોત્સવ-૨૦૧૬ દરમ્યાન શૈક્ષણિક મૂલ્યાંકનનું નમૂના પત્રક (પદાઅધિકારીશ્રીઓ માટેનું)
૨. જી.સી.ઈ.આર.ટી દ્વારા આપવામાં આવેલ શૈક્ષણિક મૂલ્યાંકન અંગેની માર્ગદર્શિકા.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ ૨૦૧૬ દરમ્યાન કાર્યક્રમનું સ્વરૂપ
(સવારે ૭-૩૦ થી ૮-૦૦ કલાક)

| ક્રમ | વિગત | મિનિટ |
|---|---|---|
| ૧ | વોર્ડમાં રેલી | ૩૦ |

(ભાગ-૧ સવારે ૮-૦૦ થી ૯-૨૦ કલાક)

| ક્રમ | વિગત | મિનિટ |
|---|---|---|
| ૧ | મનુષ્ય ગૌરવ ગાન (ગાયકવૃન્દ અલગ, અભિનયવૃન્દ અલગ) | ૦૫ |
| ૨ | રાષ્ટ્રભકિત ગીતનું ગાન | ૦૪ |
| ૩ | યોગ નિદર્શન (અલાયદુ સ્ટેજ બનાવી ૧૦ થી ૧૫ બાળકોનું જ નિદર્શન) | ૦૪ |
| ૪ | આંગણવાડીના બાળકોને રમકડાં અને સુખડીનું વિતરણ, બાલભોગ | ૦૪ |
| ૫ | ધો.૧ માં પ્રવેશપામેલ બાળકોને કીટ વિતરણ | ૦૪ |
| ૬ | ધો.૫ માં પાસ થઇ ને ધો. ૬માં પ્રવેશ | ૦૩ |
| ૭ | વિધાલક્ષ્મી બોન્ડ, શિષ્યવૃતિ, વિધાદિપ યોજનાના ચેક, પઠયપુસ્તકોનું વિતરણ | ૦૩ |
| ૮ | દાનમાં મળેલ પુસ્તકોને મહાનુભાવોના હસ્તે શાળા લાયબ્રેરી ખાતે અર્પણ | ૦૨ |
| ૯ | - ધો.૩ થી ૮ માં પ્રથમ ક્રમે પાસ થનાર દિકરા, દિકરીઓનું પુસ્તક ધ્વારા સન્માન તથા વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર બાળકોનું સન્માન<br>- વર્ષ૨૦૧૫-૧૬ની NMMS પરીક્ષાઓમાં ઉર્તીણ | ૦૫ |
| ૧૦ | શાળામાં ભણી ગયેલ વયોવૃધ્ધ વ્યકિતઓનું સન્માન તથા શાળામાં ભણેલા અને પોતાના કાર્યક્ષેત્રમાં ખાસ યોગદાન આપેલ હોય તેવી વ્યકિતઓનું સન્માન | ૦૨ |
| ૧૧ | અમૃત વચન(સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો, પાણી બચાવો અને વૃક્ષા રોપણ વિષય ઉપર બે વિધાર્થીઓનું વકતવ્ય | ૧૦ |
| ૧૨ | મુખ્ય મહેમાનશ્રીઓનું પ્રવચન | ૦૮ |
| ૧૩ | આભારવિધિ | ૦૨ |
| ૧૪ | વૃક્ષારોપણ (સરગવા/ફળના છોડ) વાલી/ વિધાર્થી ધ્વારા | ૦૨ |
| ૧૫ | ટ્રાન્સપોટેશન ધ્વારા આવેલ બાળકોનું વાહન સાથે સ્વાગત | ૦૨ |
| | કુલ | ૬૦ |
| ૧૬ | એસ.એમ.સી. મીટીંગ | ૨૦ |

**કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ-૨૦૧૬ દરમ્યાન કાર્યક્રમનું સ્વરૂપ**
**ભાગ-૨ (સવારે ૯-૨૦ થી ૧૧-૩૦ કલાક)**

**કાર્યક્રમ**

| ક્રમ | વિગત | મિનિટ |
|---|---|---|
| ૧ | નવા વર્ગખંડોનો શુભારંભ/ નવા વર્ગખંડોના બાંધકામનું ખાધમુર્હુત | ૦૫ |
| ૨ | પ્રજ્ઞાના નવા વર્ગોનું શુભારંભ | ૦૫ |

| ક્રમ | વર્ગખંડોમાં શૈક્ષણિક મૂલ્યાંકન | મિનિટ |
|---|---|---|
| ૧ | ધો.૨ માં ૬ બાળકોનું વાંચન, લેખન, ગણન મૂલ્યાંકન | ૩૫ |
| ૨ | ધો.૩ થી ધો.૫ પૈકી કોઇ એક ધોરણ ના કોઇપણ એક વિષયનું ગત વર્ષના પરીણામની ચકાસણી | ૩૫ |
| ૩ | ધો.૬ થી ધો.૮ પૈકી કોઇ એક ધોરણ ના કોઇપણ એક વિષયનું ગત વર્ષના પરીણામની ચકાસણી | ૩૫ |
| ૪ | સ્ટાફ બેઠક | ૧૫ |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**સવારે ૧૧-૩૦ થી ૧૧-૪૫ કલાક નજીકની શાળામાં જવાનો સમય**
**ધો.૧ની ખાનગી નોનગ્રાન્ટેબલ શાળાની મુલાકાત**
**(૧૧-૪૫ થી ૧૨-૩૦ કલાક)**

| ક્રમ | વિગત | મિનિટ |
|---|---|---|
| ૧ | RTE અંતર્ગત ૨૫% પ્રવેશ અપાયેલ નજીકની ધો. ૧ વાળી નોન ગ્રાન્ટેડ શાળાની મુલાકાત(બાળકોની સુવિધા, શિક્ષણ અને ત્યાં હાજર રખાયેલ વાલીઓ સાથે ચર્ચા) | ૪૫ |

**વિરામ ૧૨-૩૦ થી ૧૪-૦૦**
**(માધ્યમિક શાળા તરફ પ્રયાણ ૧૪-૦૦ થી ૧૪-૩૦)**
**માધ્યમિક શાળાઓ માટે ધો.૯નો પ્રવેશોત્સવ**
**કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ-૨૦૧૬ દરમ્યાન કાર્યક્રમ**
**(બપોરે ૨-૩૦ થી ૪-૦૦)**

| ક્રમ | વિગત | મિનિટ |
|---|---|---|
| ૧ | મનુષ્ય ગૌરવ ગાન | ૦૫ |
| ૨ | રાષ્ટ્રભકિત ગીતનું ગાન | ૦૪ |
| ૩ | યોગ નિદર્શન ૧૦ થી ૧૫ બાળકો ધ્વારા અલગ સ્ટેજ ઉપર પ્રદર્શન | ૦૪ |
| ૪ | ધો.૯ માં બાળકોની પ્રવેશવિધિ | ૦૪ |
| ૫ | ધો.૯ માં પ્રવેશપામેલ બાળકોને પુસ્તક વિતરણ | ૦૩ |
| ૬ | દાનમાં મળેલ પુસ્તકોને મહાનુભાવોના હસ્તે શાળા લાયબ્રેરી ખાતે અર્પણ | ૦૩ |
| ૭ | - ધો.૯ અને ૧૦ માં પ્રથમ ક્રમે પાસ થનાર દિકરા, દિકરીઓનું પુસ્તક ધ્વારા સન્માન<br>- વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર બાળકોનું સન્માન<br>- વર્ષ ૨૦૧૫-૧૬ની NTSC પરીક્ષાઓમાં ઉર્તીણ બાળકોનું સન્માન | ૦૩ |
| ૮ | - શાળામાં ભણી ગયેલ વયોવૃધ્ધ વ્યકિતઓનું સન્માન<br>- શાળામાં ભણેલા અને પોતાના કાર્યક્ષેત્રમાં ખાસ યોગદાન આપેલ હોય તેવી વ્યકિતઓનું સન્માન | ૦૨ |
| ૯ | અમૃત વચન(સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો, પાણી બચાવો અને વૃક્ષા રોપણ વિષય ઉપર બે વિધાર્થીઓનું વકતવ્ય | ૧૦ |
| ૧૦ | મુખ્ય મહેમાનશ્રીઓનું પ્રવચન | ૦૮ |
| ૧૧ | સાંસ્કૃતિક કાર્યક્રમ | ૨૦ |
| ૧૨ | આભારવિધિ | ૦૨ |
| ૧૩ | વૃક્ષારોપણ (સરગવા/ફળના છોડ) વાલી/ વિધાર્થી ધ્વારા | ૦૨ |
| | કુલ | ૬૦ |
| ૧૪ | વાલીઓ સાથે બેઠક<br>- સાક્ષરતા અંતર્ગત માર્ગદર્શન | ૩૦ |
| | કુલ | ૯૦ |

**બપોરે ૪-૦૦ થી ૫-૦૦ કલાકે**

| ક્રમ | વર્ગખંડોમાં શૈક્ષણિક મૂલ્યાંકન | મિનિટ |
|---|---|---|
| ૧ | ધો.૮ માંથી ધો. ૯ માં પ્રવેશ મેળવેલ બાળકોના પરીણામની ચકાસણી | ૩૦ |
| ૨ | પ્રાથમિક શાળાના ધો.૮ ના શિક્ષકો (મુખ્ય શિક્ષક સહિત) સાથે માધ્યમિક શાળા ના શિક્ષકોની ચર્ચા વિચારણા | ૩૦ |

## શાળા પ્રવેશોત્સવ દરમિયાન શૈક્ષણિક મૂલ્યાંકન અંગેની માર્ગદર્શિકા

- માન. મુખ્યમંત્રીશ્રીની સૂચના અનુસાર ચાલુ વર્ષે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત આપણે ગત શૈક્ષણિક વર્ષ દરમ્યાન થયેલ વિદ્યાર્થીઓના મૂલ્યાંકનની પુન: ચકાસણી કરવાના છીએ.
- આ સંદર્ભે આપણે નીચે મુજબની બાબતો ધ્યાનમાં રાખીશું.

અ) <u>ધોરણ ૧ પાસ કરીને ધોરણ ૨ માં પ્રવેશ મેળવી રહેલ વિદ્યાર્થીઓની સિદ્ધિની ચકાસણી</u>

- સૌ પ્રથમ શાળાના મુખ્યશિક્ષક પાસેથી ધોરણ ૧ પાસ કરીને બીજા ધોરણમાં પ્રવેશેલા બાળકોનું પરિણામ પત્રક D2 મેળવીશું
- આ પરિણામપત્રકમાં કુલ ૨૮ શૈક્ષણિક હેતુઓ માટે શિક્ષકે દરેક વિદ્યાર્થીને A, B, કે C ગ્રેડ મૂક્યો હશે. આપણે આ ૨૮ પૈકી માત્ર ત્રણ હેતુઓ (ક્રમ ૧૮- લેખન, ક્રમ ૧૯-વાચન અને ક્રમ ૨૫ – ૧ થી ૨૦ સંખ્યાની સમજણ) ની ચકાસણી કરીશું.

  પરિણામ પત્રક જોઇને આપણે કુલ છ બાળકો રેન્ડમલી પસંદ કરીશું જેમાં ઉત્તમ એટલે કે A ગ્રેડ ધરાવતા બે વિદ્યાર્થીઓ, મધ્યમ એટલે કે B ગ્રેડ ધરાવતા બે વિદ્યાર્થીઓ અને સાધારણ એટલે કે C ગ્રેડ ધરાવતા બે વિદ્યાર્થીઓ પસંદ કરીશું.
- આપણને આપવામાં આવેલ પ્રતિભા પત્રકમાં આપવામાં આવેલ પ્રથમ સારણીમાં ત્રણેય વિધાન માટે શિક્ષકે મૂકેલો ગ્રેડ લખીશું.
- ત્યારબાદ પ્રથમ વિધાનની ચકાસણી માટે વિદ્યાર્થીઓને ચાર પાંચ સાદા(જોડાક્ષર વગરના) શબ્દો લખાવીશું. આપણે સાદા શબ્દો બોલીશું અને વિદ્યાર્થીઓ લખશે.
- બાળકોએ લખેલા શબ્દો જોઇને આપણને આપવામાં આવેલ પત્રકમાં એ બાળકોના ગ્રેડ લખીશું.
- આ જ રીતે બીજા વિધાનની ચકાસણી માટે બાળકોને સરળ વાક્યોનું વાચન કરાવીશું અને બાળકોને ખરેખર મળવાપત્ર ગ્રેડ આપણને આપવામાં આવેલ પત્રકમાં નોંધીશું.
- ત્રીજા વિધાન અંતર્ગત આપણે એ ચકાસવાનું છે કે બાળકો ૧ થી ૨૦ સંખ્યાઓ સમજે છે કે નહિ. અહીં એ બાબતનું ધ્યાન રાખવું કે બાળકો ૧ થી ૨૦ સંખ્યાઓ ક્રમમાં ભલે બોલી જતાં હોય પરંતુ આપણે એ ચકાસવાનું છે કે તેઓને સંખ્યા વિષેની સમજણ છે કે નહિ. એટલે

આપણે બાળકોને નાની મોટી સંખ્યા, વચ્ચેની સંખ્યા વગેરે અંગે પ્રશ્નો પૂછીશું. દાખલા તરીકે ૧૧ અને ૯ માં મોટી સંખ્યા કઈ? ૧૬ અને ૧૮ ની વચ્ચેની સંખ્યા કઈ? ૧૩ અને ૧૭ માં નાની સંખ્યા કઈ? વગેરે.

- બાળકોના જવાબોના આધારે બાળકોને ખરેખર મળવાપત્ર ગ્રેડ પ્રતિભાવ પત્રકમાં નોંધીશું

**બ) ધોરણ ૩ થી ૫ પૈકી કોઇ એક ધોરણના કોઇ એક વિષય માટે વિદ્યાર્થીઓની સિદ્ધિની ચકાસણી**

ધોરણ ૩ થી ૫ પૈકી કોઈ એક ધોરણનું પરિણામપત્રક C મુખ્યશિક્ષક પાસેથી મેળવીશું. આ પરિણામપત્રકમાં જે તે ધોરણના બધા વિષયનું પરિણામ હશે. આ પરિણામ પત્રકના આધારે છ બાળકો પસંદ કરીશું. (ઉત્તમ એટલે કે A ગ્રેડ ધરાવતા બે વિદ્યાર્થીઓ, મધ્યમ એટલે કે B કે C ગ્રેડ ધરાવતા બે વિદ્યાર્થીઓ અને સાધારણ એટલે કે D કે E ગ્રેડ ધરાવતા બે વિદ્યાર્થીઓ)

- પરિણામપત્રકમાંથી આપણે પસંદ કરેલ વિષયમાં દરેક બાળકના નામ સામે દ્વિતીય સત્રની લેખિત કસોટીના ગુણ દર્શાવેલા હશે. આ ગુણની નોંધ આપણને આપવામાં આવેલ પત્રકમાં કરીશું.
- ત્યારબાદ શાળાના મુખ્યશિક્ષક પાસેથી આપણે પસંદ કરેલ ધોરણ-વિષયની ગયા વર્ષની બીજા સત્રની પરીક્ષાની ઉત્તરવહીઓ મેળવીશું.
- આ ઉત્તરવહીઓમાંથી આપણે પસંદ કરેલાં બાળકોની ઉત્તરવહી અલગ કાઢીને ચકાસણી કરીશું કે પરિણામપત્રકમાં દર્શાવેલા ગુણ અને ઉત્તરવહીમાં લખેલા ગુણ સરખા છે કે કેમ. ઉત્તરવહીમાં દર્શાવેલા ગુણની નોંધ પણ આપણને આપવામાં આવેલ પત્રકમાં કરીશું.
- એ પણ ચકાસણી કરીશું કે તમામ છ બાળકોની ઉત્તરવહી શિક્ષકે યોગ્ય રીતે ચકાસેલી છે કે કેમ. જો યોગ્ય રીતે ચકાસેલી હોય તો પત્રકમાં ‘હા’ લખીશું અને યોગ્ય રીતે ચકાસેલી ના હોય તો ‘ના’ લખીશું.
- ત્યારબાદ બાળકોએ ઉત્તરવહીમાં જવાબો સ્વપ્રયત્ને લખ્યા છે કે કેમ તે ચકાસવા માટે બાળકોને એ વિષયના કેટલાક પ્રશ્નો પૂછીશું અથવા બાળકની પોતાની ઉત્તરવહી એની

પાસે વંચાવીશું. આનાથી એ ખ્યાલ આવી જશે કે બાળકે સ્વ-પ્રયત્ને લખ્યું હશે કે કેમ. જો આપણને લાગે કે બાળકે સ્વપ્રયત્ને લખ્યું છે તો પત્રકમાં ‘હા’ લખીશું અન્યથા ‘ના’ લખીશું.

**ક) ધોરણ ૬ થી ૮ પૈકી કોઇ એક ધોરણના કોઇ એક વિષય માટે વિદ્યાર્થીઓની સિદ્ધિની ચકાસણી**

- ધોરણ ૩ થી ૫ મુજબની પ્રક્રિયા દ્વારા બાળકો અને વિષયની પસંદગી કરીશું. અને ચકાસણી પણ એ જ રીતે કરીશું. પ્રતિભાવપત્રકમાં પણ એ મુજબ જ નોંધ કરીશું.
- **આ ભરાયેલ પત્રક આપણી સાથે આવેલ લાયઝન અધિકારી મારફતે જે તે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને પહોંચાડીશું**

---

**<u>ધોરણ ૯ માં પ્રવેશ લેનાર બાળકોનું શૈક્ષણિક મૂલ્યાંકન</u>**

માનનીય મુખ્યમંત્રીશ્રીની સુચના અનુસાર આ વર્ષે આપણે માધ્યમિક શાળાઓમાં પણ પ્રવેશોત્સવ કરવાના છીએ. ઉપરાંત ધોરણ ૮ પાસ કરી માધ્યમિક શાળાના ધોરણ-૯ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું પણ મૂલ્યાંકન કરીશું. આ માટે આપ જે માધ્યમિક શાળામાં જવાના છો તે શાળામાં ધોરણ-૮ની ઉત્તરવહીઓ અને પરિણામ પત્રક પણ ઉપલબ્ધ હશે.

- **તેથી બાળકોની પસંદગી અને ચકાસણીનું કાર્ય અગાઉ મુજબ જ કરીશું.**
- **અહીં માત્ર એક જ ધોરણ (ધોરણ – ૮)ની તપાસ કરવાની હોવાથી હોવાથી આપણે બે વિષયોનું મૂલ્યાંકન કરીશું.**
- **જેમાં જૂથ – ૧ (ગુજરાતી, હિન્દી,અંગ્રેજી, સંસ્કૃત)માંથી એક વિષય પસંદ કરીશું અને જૂથ–૨ (ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજિક વિજ્ઞાન) માંથી એક વિષય પસંદ કરીશું.**
- **આપણને આપવામાં આવેલા અલગ પત્રકમાં એની નોંધ કરીશું.**

**ભરાયેલ પત્રક , આપણી સાથે આવેલ લાયઝન અધિકારી મારફતે જે તે જિલ્લા શિક્ષણાધિકારીને પહોંચાડીશું.**

## સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન(CCE):પ્રવચનના મુદ્દા

આર.ટી.ઈ. ૨૦૦૯ ના કાયદા અનુસાર જેમ દરેક બાળકને શાળામાં દાખલ કરવાનું ફરજીયાત છે એ જ રીતે દરેક બાળકનું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન થાય એ પણ અનિવાર્ય છે.

હવે, માત્ર વાર્ષિક પરીક્ષાના આધારે જ બાળકનું મૂલ્યાંકન નથી કરવાનું, પરંતુ શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના ભાગરૂપે શિક્ષકે વર્ગમાં ભણાવતાં ભણાવતાં જ બાળકોનું મૂલ્યાંકન કરતુ રહેવાનું છે. આનો ફાયદો એ છે કે બાળકને કોઈક મુદ્દો ન આવડતો હોય તો શિક્ષક તરત જ ફરીથી ભણાવી શકે. માત્ર વાર્ષિક પરીક્ષાના આધારે મૂલ્યાંકન થાય તો એમાં તો એવું પણ બને કે જાન્યુઆરીમાં ભણાવેલો મુદ્દો છેક એપ્રિલ મહિનામાં પરીક્ષામાં પૂછાય. અને ત્યારબાદ બાળકનું ધોરણ પણ બદલાઈ જાય. પરિણામે, બાળક જે તે મુદ્દામાં કાચું જ રહે. આના બદલે જો જાન્યુઆરીમાં જ શિક્ષક ભણાવ્યા બાદ તરત જ મૂલ્યાંકન કરે તો જે બાળકને ન આવડતું હોય એને તરત શીખવી શકાય. આમ, સતત મૂલ્યાંકન એ ખરેખર તો શીખવા માટેનું મૂલ્યાંકન (Assessment FOR Learning)છે.

પ્રાથમિક શિક્ષણ એ માત્ર સાક્ષરી વિષયોના શિક્ષણ પૂરતું મર્યાદિત નથી, પરંતુ જીવનને સ્પર્શતાં તમામ કૌશલ્યો હસ્તગત કરવાનું શિક્ષણ છે. બાળકને સાક્ષરી વિષયો ઉપરાંત ગીત-સંગીત, ચિત્ર, શારીરિક શિક્ષણ, સહકારની ભાવના, વકતૃત્વ શક્તિ, નિયમિતતા, સ્વચ્છતા, જવાબદારીની ભાવના વગેરે ગુણો પણ શીખવવા જોઈએ. શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનમાં એવી તક છે કે જેથી બાળકમાં આ બધાં કૌશલ્યો વિકસે.

ત્રીજી સૌથી અગત્યની બાબત એ છે કે સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનના ભાગરૂપે બાળકનું આઠ વર્ષનું સળંગ પ્રગતિપત્રક પણ તૈયાર થાય છે. જેમ આપણે ડોક્ટર પાસે જઈએ અને ડોક્ટર આપણી ફાઈલ તૈયાર કરે, અને પછીની બધી મુલાકાતોમાં એ જ ફાઈલમાં નોંધ કરે એ જ રીતે દરેક ધોરણ અને દરેક વિષયના શિક્ષક બાળકના પ્રગતિપત્રકમાં દરવર્ષે બાળકના વિકાસને લગતી નોંધ કરે છે. એટલે બાળકની શાળા બદલાય કે ધોરણ બદલાય, નવા શિક્ષક આ પ્રગતિપત્રક જોઇને બાળકની શૈક્ષણિક સિદ્ધિઓથી અને બાળકની જરૂરિયાતોથી વાકેફ થાય છે. આ ઉપરાંત આ નોંધ વાલીઓને પણ બતાવવાની હોય છે જેથી વાલી પણ જોઈ શકે કે પોતાના બાળકની શક્તિઓ અને મર્યાદાઓ કઈ કઈ છે.

આમ, સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન બાળકના વિકાસમાં બહુ જ મહત્વનો ભાગ બજાવે છે. એનો સાચી રીતે અમલ થાય એ જોવાની જવાબદારી શિક્ષકોની સાથે સાથે એસ.એમ.સી.ના સભ્યોની અને તમામ વાલીઓની પણ છે.

# <u>શાળા પ્રવેશોત્સવ દરમિયાન શૈક્ષણિક મૂલ્યાંકન</u>

**અધિકારીશ્રી/પદાધિકારીશ્રીનું નામ અને હોદ્દો :** ..............................................................................................

**મુલાકાત લીધેલ શાળાનું નામ** : ..............................................................................................

**ક્લસ્ટર અને તાલુકાનું નામ** : ..............................................................................................

**મુલાકાતની તારીખ** : ..............................................................................................

**<u>શૈક્ષણિક ગુણવત્તા ચકાસણી અંગેની વિગતો</u>**

**અ) ધોરણ ૧-૨ માં વાચન,ગણન અને લેખન સંદર્ભે વાસ્તવિક સ્થિતિ**

**ધોરણ -૧ પાસ કરીને બીજા ધોરણમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનું વર્ષ ૨૦૧૫-૧૬ નું પરિણામ પત્રક (પત્રક D2) ચકાસવું. પરિણામ પત્રક જોઈ ૬ વિદ્યાર્થીઓ પસંદ કરવા – (૨ હોશિયાર- A ગ્રેડવાળા , ૨ મધ્યમ- B ગ્રેડવાળા અને ૨ નબળાં C ગ્રેડવાળા). શાળાની મુલાકાતે આવનાર અધિકારીશ્રીએ આ બાળકોને સાદું વાચન, લેખન, ગણન કરાવીને ચકાસણી કરવી. અને નીચેના પત્રકમાં તેની નોંધ કરવી.**

| વિધાન | સાદા શબ્દો સાંભળીને લખી શકશે | | સરળ વાક્યોનું વાંચન કરી શકશે | | ૧ થી ૨૦ સુધીની સંખ્યા સમજી શકશે | |
|---|---|---|---|---|---|---|
| | શિક્ષક દ્વારા મુકાયેલ ગ્રેડ | ખરેખર મૂકવા લાયક ગ્રેડ | શિક્ષક દ્વારા મુકાયેલ ગ્રેડ | ખરેખર મૂકવા લાયક ગ્રેડ | શિક્ષક દ્વારા મુકાયેલ ગ્રેડ | ખરેખર મૂકવા લાયક ગ્રેડ |
| વિદ્યાર્થી-૧ | | | | | | |
| વિદ્યાર્થી-૨ | | | | | | |
| વિદ્યાર્થી-૩ | | | | | | |
| વિદ્યાર્થી-૪ | | | | | | |
| વિદ્યાર્થી-૫ | | | | | | |
| વિદ્યાર્થી-૬ | | | | | | |

**બ) ધોરણ ૩ થી ૫ પૈકી પસંદ કરેલ ધોરણ ....................... અને વિષય .............................**

**ધોરણ ૩, ૪ અને ૫ પૈકી કોઈ એક ધોરણનું પરિણામ પત્રક (પત્રક C) જોવું. આ પત્રકમાં વિદ્યાર્થીએ જે તે વિષયમાં ગત વર્ષની દ્વિતીય સત્રની લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણ દર્શાવેલા હશે. આ ગુણાંકનના આધારે રેન્ડમલી છ વિદ્યાર્થીઓ ની કોઈ પણ એક વિષયની લેખિત પરીક્ષાની ઉત્તરવહી જોવી (પરિણામ પત્રક જોઈ ૬ વિદ્યાર્થીઓ પસંદ કરવા – ૨ હોશિયાર- A ગ્રેડવાળા , ૨ મધ્યમ- B ગ્રેડવાળા અને ૨ નબળાં C ગ્રેડવાળા). આ ઉત્તરવહીઓની ચકાસણી બરાબર થયેલ છે કે કેમ તે જોવું. ઉત્તરવહીમાં બાળકે લખ્યા મુજબના ગુણ પરિણામપત્રકમાં મૂકાયા છે કે કેમ તે પણ ચકાસવું. જરૂર જણાયે, જે તે વિદ્યાર્થી સાથે મૌખિક પ્રશ્નોત્તરી કરીને અથવા એ જ સમયે કંઈક વંચાવીને કે લખાવીને ચકાસણી કરવી**

| | પરિણામપત્રકમાં દર્શાવેલ ગુણ | ઉત્તરવહી મુજબ ખરેખર ગુણ | ઉત્તરવહી યોગ્ય રીતે ચકાસેલ છે? હા/ના જો ના, તો વિગત દર્શાવવી | વિદ્યાર્થીની ચકાસણી કરતાં, બાળકે સ્વ-પ્રયત્નથી જવાબો લખ્યા હોય તેવું લાગે છે? હા/ના |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| વિદ્યાર્થી-૧ | | | | |
| વિદ્યાર્થી-૨ | | | | |
| વિદ્યાર્થી-૩ | | | | |
| વિદ્યાર્થી-૪ | | | | |
| વિદ્યાર્થી-૫ | | | | |
| વિદ્યાર્થી-૬ | | | | |

ક) ધોરણ ૬ થી ૮ પૈકી પસંદ કરેલ ધોરણ ...................... અને વિષય ...............................

ધોરણ ૬ અથવા ૭ પૈકી કોઈ એક ધોરણનું પરિણામ પત્રક (પત્રક C) જોવું. આ પત્રકમાં વિદ્યાર્થીએ જે તે વિષયમાં ગત વર્ષની દ્વિતીય સત્રની લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણ દર્શાવેલા હશે. આ ગુણાંકનના આધારે રેન્ડમલી છ વિદ્યાર્થીઓની કોઈ પણ એક વિષયની ઉત્તરવહીઓ જોવી (પરિણામ પત્રક જોઈ ૬ વિદ્યાર્થીઓ પસંદ કરવા – ૨ હોશિયાર- A ગ્રેડવાળા , ૨ મધ્યમ- B ગ્રેડવાળા અને ૨ નબળાં C ગ્રેડવાળા). આ ઉત્તરવહીઓની ચકાસણી બરાબર થયેલ છે કે કેમ તે જોવું. ઉત્તરવહીમાં બાળકે લખ્યા મુજબના ગુણ પરિણામપત્રકમાં મૂકાયા છે કે કેમ તે પણ ચકાસવું. જરૂર જણાયે, જે તે વિદ્યાર્થી સાથે મૌખિક પ્રશ્નોત્તરી કરીને અથવા એ જ સમયે વિદ્યાથીની ઉત્તરવહીમાંથી વંચાવીને કે લખાવીને ચકાસણી કરવી કે બાળકે જાતે જ સ્વ-પ્રયત્નથી જવાબો લખેલ છે.

| | પરિણામપત્રકમાં દર્શાવેલ ગુણ | ઉત્તરવહી મુજબ ખરેખર ગુણ | ઉત્તરવહી યોગ્ય રીતે ચકાસેલ છે? હા/ના જો ના, તો વિગત દર્શાવવી | વિદ્યાર્થીની ચકાસણી કરતાં, બાળકે સ્વ-પ્રયત્નથી જવાબો લખ્યા હોય તેવું લાગે છે? હા/ના |
|---|---|---|---|---|
| વિદ્યાર્થી-૧ | | | | |
| વિદ્યાર્થી-૨ | | | | |
| વિદ્યાર્થી-૩ | | | | |
| વિદ્યાર્થી-૪ | | | | |
| વિદ્યાર્થી-૫ | | | | |
| વિદ્યાર્થી-૬ | | | | |

ડ) શાળા માટેના અન્ય સૂચનો

- .......................................................................................................
- .......................................................................................................
- .......................................................................................................

સહી

નોંધ : ભરાયેલ પત્રક આપની સાથે આવેલ લાયઝન અધિકારી મારફતે જે તે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને પહોંચાડવું.

* * * * *